જ્ઞાન સાથે સંસ્કારનું સિંચન કરતું દ્વૈમાસિક

# ॥ તથાગત ॥

વર્ષ :3 અંક :3
સળંગ અંક : 15



સારસનું નૃત્ય



નવેમ્બર-ડિસેમ્બર
2006

કિંમત રૂપિયા : 10

જ્ઞાન સાથે સંસ્કારનું સિંચન કરતું દ્વૈમાસિક

॥ તથાગત ॥

વર્ષ : 3 અંક : 3 સળંગ અંક : 15
નવેમ્બર-ડિસેમ્બર, 2006

**સંસ્થાપકો :** મલય દવે રેણુકા દવે વૈભવ દવે

**તંત્રી :** રેણુકા દવે

**પ્રકાશક :** તપનસ્મૃતિ ટ્રસ્ટ
“તપનસ્મૃતિ” જે-201, કનક કલા-2
શ્યામલ ચાર રસ્તા, મા આનંદમયી માર્ગ, સેટેલાઈટ,
અમદાવાદ-380051
ફોન : 26931633 ઈ-મેઈલ :
tapansmruti@sify.com
વેબ સાઈટ :
www.tapansmruti.org

**પરામર્શકો :** પ્રજ્ઞા મહેતા મલય દવે મીના ભાટિયા

**સુશોભન :** દીપ્તિ રાડીયા

**કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ :** હિતેશ દવે

**વાર્ષિક લવાજમઃ** રૂ.50/-
**છુટક કિંમતઃ** રૂ.10/-
**ચેક/ડ્રાફ્ટઃ “તપનસ્મૃતિ ટ્રસ્ટ”**ના નામે મોકલવા.બહારગામના ચેક મોકલનારે રૂ.80/- મોકલવા.

## અનુક્રમણિકા

- કેળવણી........................1
- તંત્રી લેખ ........................2
- પ્રેરણા (વાર્તા)......................3
- મેળો..........................5
- પ્રશ્નોના પ્રદેશમાં(જ્ઞાન-વિજ્ઞાન)......6
- સંસ્થા અને સંશોધન(જ્ઞાન-વિજ્ઞાન)....9
- ચાલો પ્રવાસે (જ્ઞાન-વિજ્ઞાન).......10
- ખજાનો (સાહિત્ય) ..............13
- જીવન ચરિત્ર (વ્યક્તિત્વ).........14
- ઝાકળબિંદુ (ચિંતન)..............17
- આકાશની ઓળખાણ ..............18
- ગણિત ગમ્મત (જ્ઞાન-વિજ્ઞાન).....19
- પહેલું સુખ તે ( આરોગ્ય).........20
- આચમન (જ્ઞાન-વિજ્ઞાન)...........21
- આપણી સૃષ્ટિ (જ્ઞાન-વિજ્ઞાન)......22
- કાવ્ય (સાહિત્ય) ..................24
- બાળકોની કલમે (વાચક વિભાગ)...25
- સમાચાર સંચય..................28
- પ્રવૃત્તિ અહેવાલ .................26
- વાચકોના અભિપ્રાય(વાચક વિભાગ)...31
- પ્રેરક વાંચન (વાર્તા )..............32
- જરા હસી લઈએ! .......... છેલ્લું પાનું

‘તથાગત’ જાન્યુઆરી,માર્ચ, મે, જુલાઇ, સપ્ટેમ્બર, નવેમ્બર માસની 11મી તારીખે પ્રસિધ્ધ થાય છે.



## કેળવણી

સાચી કેળવણીનો પ્રથમ સિદ્ધાંત એ છે કે માણસને કોઈ પણ વસ્તુ શીખવી શકાતી નથી. શિક્ષક એ માહિતી આપનારું યંત્ર નથી કે પછી વિદ્યાર્થી પાસેથી કામ લેનાર મુકાદમ પણ નથી. શિક્ષક તો વિદ્યાર્થીનો સહાયક અને માર્ગદર્શક છે. શિક્ષકે વિદ્યાર્થી ઉપર વસ્તુઓ લાદવાની નથી પણ તેની આગળ તે સૂચિત કરવાની છે. ખરી રીતે તો શિક્ષક શિષ્યના મનને તૈયાર કરવાનું કામ કરતો જ નથી. એ તો વિદ્યાર્થીને જ્ઞાનમાં જે કારણો મળેલાં છે તેને કેવી રીતે પૂર્ણ કરી શકાય તે બતાવી આપે છે. એ પૂર્ણ બનવાની ક્રિયામાં તે વિદ્યાર્થીને સહાય અને પ્રોત્સાહન આપતો રહે છે. શિક્ષક વિદ્યાર્થીને જ્ઞાન આપતો નથી, પણ વિદ્યાર્થીએ પોતે જ્ઞાન કેવી રીતે મેળવવું તે બતાવે છે. શિક્ષક વિદ્યાર્થીની અંદર પડેલા જ્ઞાનને બહાર કાઢી આપવાનું કામ કરતો નથી. પણ એ જ્ઞાન વિદ્યાર્થીમાં ક્યાં આગળ પડેલું છે અને એ જ્ઞાનને ઉપર લાવવાનો અભ્યાસ કેવી રીતે કરી શકાય એટલું જ તે વિદ્યાર્થીને બતાવી આપે છે. કેટલાંક એમ કહે છે કે આ સિદ્ધાંત માત્ર કિશોર વયનાં બાળકો અને મોટી ઉંમરના માણસોને જ લાગુ પાડવો જોઈએ. નાની વયનાં બાળકોને નહિ, પણ આવો ભેદ કરવો એ તો સંકુચિત અને સમજ વિનાની બાબત છે. બાળક હો કે પ્રૌઢ, છોકરો હો કે છોકરી, સૌને માટેનું સાચું શિક્ષણ તો એક જ નક્કર પાયા ઉપર મંડાયેલું હોય છે. શિક્ષકે પોતાના તરફથી જે મદદ અને માર્ગદર્શન આપવાનાં હોય છે તેનું જે પ્રમાણ હોય છે તેમાં વિદ્યાર્થીની વયમાં તફાવત હોય તે પ્રમાણે વધઘટ કરી શકાય છે, પણ એને લીધે એ મદદ કે માર્ગદર્શનનું સ્વરૂપ કાંઈ બદલાઈ જતું નથી.

**શ્રી અરવિન્દ** (સાભારઃ 'અર્પણ')





## તંત્રીલેખ

'સમય'ની ભેટ એ કોઈને પણ આપવામાં આવતી સૌથી કિંમતી ભેટ છે. કારણ કે જ્યારે તમે કોઈને 'સમય' આપો છો ત્યારે તમે તમારા જીવનનો કેટલોક ''હિસ્સો'' આપતા હો  છો' - આ મતલબનો એક SMS એક મિત્રએ થોડા વખત પહેલાં મોકલેલો. વાંચતાં લાગ્યું કે આ ખરેખર સાચી વાત છે.

દિવાળી અને બેસતાં વર્ષની લોકપ્રિયતા સદીઓ પછી પણ એવી ને એવી જળવાઈ રહી છે તેની પાછળ પણ આ જ વૈજ્ઞાનિક, કહો કે મનોવૈજ્ઞાનિક કારણ હશે. બેસતાં વર્ષે સ્નેહીઓની યાદીમાંના દરેક સ્નેહીને મળવાનું સામાજિક બંધન આપણે દરેકે સહર્ષ સ્વીકારેલું બંધન છે. કારણ કે આ દિવસે આપણે સ્નેહીઓ પાસેથી આવી - સૌથી કિંમતી-ભેટ મેળવતાં હોઈએ છીએ.

આ ભેટ પણ માત્ર આપવા ખાતર જ અપાય  છે- એવું નથી હોતું. પૂરા ગૌરવ સાથે તે અપાય છે અને ગર્વભેર તે સ્વીકારાય છે. ઘરના ખૂણે ખૂણાને મહેકાવીને શણગારાય છે, જેથી એ ક્ષણો યાદગાર બની જાય... સમયના એ ટુકડાને લાગણીની મીઠી ચાસણીમાં ડૂબાડી એવા હરખભેર... વરખભેર પીસરવામાં આવે છે કે એની મીઠાશ છે..ક આવતી દિવાળી સુધી જળવાય છે....સચવાય છે.

આપલે મિલ્કતના સરવાળા કરતા હોઈએ છીએ; જમીન, સોનુ, બેંક-બૅલેન્સ અને એવી બધી કિંમતી અસ્કયામતોના. 'સમય'ના આવા ટુકડાઓને ક્યારેય ગણતરીમાં નથી લેતા. ખરેખર તો આવો સમય જ આપણી સાચી મિલ્કત છે.

'તથાગત પરિવાર' સહુ વાચક મિત્રોને દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે! મિત્રો, તમારી વ્યસ્તતા વચ્ચે પણ સમય કાઢીને મિઠાઈના ટુકડા જેવા તમારા પત્રો મળે છે ત્યારે હંમેશાં 'દિવાળી' જેવી 'ફિલીંગ' થઈ આવે છે... લખતાં રહેશો ને..?

અસ્તુ.

**રેણુકા દવે**

**11 નવેમ્બર, 2006.**



# પ્રેરણા

## સિકંદરની કદરદાની

મહાન રાજા સિકંદરે એક વાર પોતાના દરબારમાં ઘોષણા કરી, ‘ જે ચિત્રકાર મારા ઘોડાનું આબેહૂબ ચિત્ર દોરી આપશે એને રાજ્યના સર્વોત્તમ ચિત્રકાર તરીકે ખ્યાતિ મળશે તેમજ અનેક પુરસ્કાર મળશે. પણ આબેહૂબ ચિત્ર બનાવવામાં જે ચિત્રકાર નિષ્ફળ નીવડશે  તેણે પછી પીંછી છોડી દઈ,  કાયમી નિવૃત્તિ લઈ લેવી પડશે.’

આ ઘોષણા સાંભળી મોટા મોટા ચિત્રકારો તો ડરી ગયા, પરંતુ એક નવયુવક ચિત્રકાર હિંમત કરીને રાજ મહેલમાં પહોંચી ગયો.

એણે ઘોડાનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું. એ પછી એકાગ્ર ચિત્તે એનું ચિત્ર બનાવવામાં લાગી ગયો. એની આસપાસ લોકોની ઠઠ જામવા લાગી પણ ચિત્રકારનું ધ્યાન તો પોતે જે ચિત્રકૃતિ બનાવતો હતો એમાં જ ચોંટેલું રહ્યું.

ચિત્ર પરિપૂર્ણ થયું ત્યારે સિકંદર પોતે ચિત્ર જોવા ચિત્રશાળામાં આવ્યો. એ ચિત્ર નિહાળી મનમાં ને મનમાં એ ખૂબ જ પ્રસન્ન થયો, પણ તેણે ચિત્રકારની પ્રશંસાનો એકેય શબ્દ ઉચ્ચાર્યો નહિ. ઊલટાનું, એ તો ચિત્રકૃતિમાં એક પછી એક ખામીઓ બતાવવા લાગ્યો.

ચિત્રકાર થોડી વાર સુધી તો રાજાની વાતો સાંભળતો રહ્યો. પણ જ્યારે એની કળાની એ આકરી ટીકા કરવા લાગ્યો ત્યારે તે ચૂપ ન રહ્યો.

ચિત્રકારે વેધક દૃષ્ટિ કરતાં કહ્યું : ‘મહારાજ, ચિત્રની સામે ઘોડાને ઊભો રાખીને આપ ગુણદોષ કાઢો તો ઠીક રહેશે.’

સિકંદરે એ જ વખતે એક ઘોડાને ચિત્રશાળામાં બોલાવી મગાવ્યો. એ ચિત્ર સામે જોઈ ઘોડો વારંવાર હણહણવા લાગ્યો. આથી સિકંદરે પૂછ્યુંઃ

‘ભાઈ, આ ઘોડો શા માટે વારંવાર આમ હણહણ્યા કરે છે?’

ચિત્રકારે સવિનય કહ્યું : ‘સમ્રાટ, આપ રજા આપો તો સાચી વાત જણાવું, પણ મારી વાત સાંભળ્યા પછી મનમાં માઠું ન લગાડતા. આપના કરતાંય આ ઘોડો કલાનો સાચો પરીક્ષક છે. ચિત્રમાં ચીતરેલા ઘોડાને પોતાનો સાથીદાર સમજી એની સાથે દોડવા વ્યાકુળ થઈ રહ્યો છે. મારી કળાની સજીવતાનું આ સ્પષ્ટ પ્રમાણ છે.

હવે સિકંદરે ધ્યાનપૂર્વક ચિત્ર તરફ દૃષ્ટિ કરી. પછી ઘોડા તરફ દૃષ્ટિને સ્થિર કરી. ચિત્ર પર અને ઘોડા પર વારાફરતી દૃષ્ટિ કરી.

સિકંદરના મુખ પર હાસ્ય ફરકવા લાગ્યું. ચિત્રકારની પીઠ થાબડતાં તે બોલ્યો,: ‘તમારી વાત સાવ સાચી છે. બંનેને સામસામા રાખવાથી મને પાકી ખાતરી થઈ ગઈ છે કે, તમે બનાવેલું ઘોડાનું ચિત્ર ઘોડા જેવું જ અસલ છે. ચિત્ર જોતાં ખુદ ઘોડો પોતે જ કેવો ભ્રમમાં પડી ગયો અને હણહણવા લાગ્યો છે.’

ફરીથી ચિત્ર પર અને ઘોડા પર વારાફરતી દૃષ્ટિપાત કરી, દૃષ્ટિને ચિત્રકાર





તરફ સ્થિર કરતાં સિકંદર બોલ્યો : ‘ભાઈ, તમે મહાન કલાકાર છો એની ખાતરી તો પહેલી નજરે જ થઈ ગઈ હતી. પણ મારે તમારી વધુ પરીક્ષા કરવી હતી. ખરેખર તો બંને ઘોડા એકસરખા જ લાગે છે. દૂરથી જોતાં તો બંને એક જ જાતિના જીવંત ઘોડા હોય એવું દેખાય છે. મારા દરબારમાં અનેક ચિત્રકારો છે, પણ ચિત્ર બનાવવા માટે માત્ર તમે જ આગળ આવ્યા. તમે તમારી નિર્ભિકતાનો કેટલો પરિચય આપી શકો છો એ મારે જોવું હતું.’

આટલું કહીને સિકંદર થંભી ગયો. ફરી પાછો એ ઘડીક ઘોડા તરફ અને ઘડીક ઘોડાના ચિત્ર તરફળ નિહાળી રહ્યો.

‘ચિત્રકાર !’ અધૂરી વાત આગળ ચલાવતાં સિકંદર બોલ્યો : ‘તમારા જેવા જ ચિત્રકારની મારે જરૂર હતી.જે સાચી વાત કરતા કોઈની પણ શેહશરમ રાખતો નથી એ જ સાચો કલાકાર છે, એ જ સાચો ચિત્રકાર છે. સમ્રાટની દરેક આજ્ઞાને અનુસરવાનું યોગ્ય નથી. એમાં ગુણદોષ પણ બતાવવા જરૂરી છે.’

સિકંદરે ચિત્રકારનું દબદબાપૂર્વક સન્માન કરવા દરબાર ભર્યો. એને અતિમૂલ્યવાન ઉપહારો આપી, શાહી ચિત્રકાર તરીકે જાહેર કર્યો.

### બે છોકરા

પુનો અરધે ઉઘાડે ડિલે તડકામાં આથડે છે ને ટાઢ ઉડાડે છે... ઉષાકાન્ત શરીરને ગરમ કપડાંથી લપેટીને સગડી પાસે બેઠો છે.પુનો પાસે આવેલા કૂતરાને ઝટ કરતો હાથમાં પથરો લઈને હાંકી કાઢે છે.... ઉષાકાન્ત કૂતરો જોઈ રડતો પાછો ભાગી બાને બોલાવે છે.

પુનો ખોબો વાળી ઉપરથી રેડાતું પાણી ઘટક ઘટક પી જાય છે... ઉષાકાન્ત પાણી પીતાં પીતાં પ્યાલું ઢોળે છે ને લૂગડાં પલાળે છે.

પુનો સવારે અડધો રોટલો ને છાશ શિરાવે છે, ને બપોર પહેલાં ભૂખ્યો થાય છે... ઉષાકાન્તને દૂધ ભાવતું નથી, ને ચ્હાનો એક પ્યાલો લીધા પછી બપોર સુધી ભૂખ્યો થતો નથી.

પુનો દોડાદોડ સાત ટાપલીઓ દાવ રમે છે ને કેમેય કરી હાથમાં આવતો નથી... ઉષાકાન્ત રમવાની જ ના પાડે છે, કહે છે : ‘‘હું તો પડી જાઉં.’’

પુનો કરોળિયા જાળાં ક્યાં બાંધે છે તે શોધવા જાય છે. તે કાબરનાં ઈંડાંને શોધી જાણે છે. આંબે ચડીને કેરી ઉતારતાં એને આવડે છે; ભેંશે ચડીને ઢોરને પાણી પાવા જતાં આવડે છે; અંધારામાં તારાને અજવાળે ચાલતાં આવડે છે... ઉષાકાન્ત ઘરમાં બેઠો બેઠો કરોળિયાની ને બે કાબરનાં ઈંડાની વાતો વાંચે છે; આંબાના ને તારાના પાઠોની નકલ કરતાં તેને સારી આવડે છે; તેના અક્ષર સારા છે. **- ગિજુભાઈ બધેકા**(સાભારઃ મોતીની ઢગલી : 2)

## મનેખનો મેળો

*(મન પાંચમના મેળા જેવી આ દુનિયામાં જાતજાતના લોકો ભાતભાતના મનેખ તેમની આદતોથી એક વિશિષ્ટ છાપ છોડી જતાં હોય છે. આવા મેળાના માણસોને મળતા રહીશું આ વિભાગમાં- તંત્રી)*

જીતેન્દ્ર શાહ એનું નામ. ઉંમર વર્ષ 45. અમદાવાદના એક વિસ્તારમાં તેનું રહેઠાણ ગાંધીનગરાનાં સચિવાલયમાં 20 વર્ષથી નોકરી કરે છે. રોજ હાંફળો ફાંફળો દોડીને સવારે 9.15 ની ગાંધીનગરની પોઈન્ટની બસ પકડે. રોજ નિશ્ચિત સીટ ઉપર જ હાથ રૂમાલ પાથરીને બેસવાનું. અન્ય કોઈ બેઠું હોય તો એમને એ સીટના ગેરલાભ બતાવી ઉઠાડી મુકે અને ના ઉઠે તો છેલ્લે ઝઘડો કરીને પણ ઉઠાડી મુકે. આ કારણથી જ અન્ય નોકરીયાત પેસેન્જરો એની સીટ પર બેસે નહીં. જીતેન્દ્રભાઈનું બેસવાનું પણ વ્યવસ્થિત પહોળા થઈને. સરકારી માણસની જેમ જ. જેથી અન્ય કોઈ એની બાજુમાં બેસવાનું દુઃસાહસ કરે નહીં. બેઠા પછી જાણીતું વર્તમાનપત્ર કાઢે અને અક્ષરસઃ ટચુકડી જાહેરખબરો અને અવસાન નોંધ સહિતનું આખું છાપું વાંચે અથવા તો કહો કે આખું છાપું ચૂસી લે. એક એક પાનું વ્યવસ્થિત ગડીબંધ વાળી વાંચે. સહુથી વધુ રસ તેને શેરબજારના ભાવોમાં પડે. બધી જ કંપનીઓના ભાવો વાંચે અને એ પ્રમાણે પોતાની ઑફિસમાં પહોંચી દલાલને શેર નોંધાવે. દરમ્યાન બસમાં આગળના બસસ્ટેન્ડથી અન્ય નોકરીયાતો ચડે ત્યારે એ તરફ ધ્યાન ન આપી વધુ પહોળા થઈ બેસે જેથી તેની બાજુમાં કોઈ બેસે નહીં અને મનોમન વિચારતાં જ હોય કે અહીં કોઈ ન આવે તો સારૂં. તેમાં પણ જો કોઈ બેસવા માટે ખસવાનો ઈશારો કરે તો પહેલાં તો ધ્યાન જ ન આપે. આવનાર પેસેન્જર બીજી વાર જણાવે પછી જ અણગમો વ્યક્ત કરતાં ખસે. તેમ છતાં પણ એવી રીતે બેસે કે જાણે આવનાર પૅસેન્જર ઉપર દયા કરતો હોય કે આવનાર પૅસેન્જર ટિકિટ લીધા વિના બેસવાનો હોય. જો કે મહીલા પૅસેન્જરના કિસ્સામાં આવું બનતું નહીં. ઉલટાનું આવા મહિલા પૅસેન્જરને સ્મિત સહિતના આવકાર સાથે વધારે જગ્યા કરીને બેસાડે.

સચિવાલયના બસ સ્ટેન્ડે ઉતરતાં જો બસ થોડી ઘણી આગળ-પાછળ ઉભી રહી હોય તો ડ્રાયવર-કંડક્ટરને ધમકાવે. ક્યારેક ફરીયાદપોથી પણ માંગે કે ઑફિસમાં જઈ જોઈ લેવાની ધમકી પણ આપે. અન્ય કોઈ પૅસેન્જર નિયત બસસ્ટેન્ડને બદલે પોતાની ઑફિસની બાજુમાં યોગ્ય જગ્યાએ બસ ઉભી રખાવે તો તેનો ઉગ્ર વિરોધ કરે અને ફરી પાછું ડેપો મેનેજરને ફરીયાદ કરવાની ધમકી આપે કે ફરીયાદપોથીમાં ધમકી લખે. એકવાર આ રીતે બસ ઉભી રખાતાં, લખેલી ફરીયાદ ને આધારે સત્તાધીશોએ કંડક્ટરની વલસાડ ડેપોમાં બદલી કરી હતી અને આથી જ આ બસમાં આવતાં બધા જ કંડક્ટરો તેની સાથે માથાકૂટ ઓછી કરતાં. નિયમોના આવા આગ્રહી જીતેન્દ્રભાઈ પોતે પોતાની ઑફિસ કામમાં નિયમો પ્રમાણે કેવું કામ કરે છે તે આપણે પછીના અંકમાં વાંચીશું.

●●●





## પ્રશ્નોના પ્રદેશમાં..?



### કલ્પસર યોજના શું છે?

‘કલ્પવૃક્ષ’ જેમ ઇચ્છિત ફળ આપનાર સ્વર્ગનું વૃક્ષ છે તેમ કલ્પસર એ ગુજરાતની જરૂરિયાતો અને ઈરાદાઓ પૂરાં પાડનારું અદ્ભૂત સરોવર બનશે. ગુજરાતની સરદાર સરોવર યોજના અને નર્મદા નહેર યોજનાના સફળ સંચાલન બાદ આ બીજી હરણફાળ છે. આ યોજના અભૂતપૂર્વ છે, કારણ કે દુનિયામાં પ્રથમ વખત જ આટલી વિશાળ અને બહુલક્ષી યોજના ઘડાઈ રહી છે. ગુજરાત અને ભારત માટે આ ગૌરવરૂપ સાહસ છે.

નર્મદા નદી ઉપર બંધ બાંધીને વિશાળ સરદાર સરોવર તેમજ નર્મદા નહેર યોજના દ્વારા ગુજરાત અને કચ્છના લાખો તરસ્યા લોકોની પ્યાસ બુઝાવીને આ યોજનાએ ગુજરાતની જીવાદોરીનું બિરુદ મેળવ્યું છે. આમ છતાં ઘણા ભાગોને પીવાનાં પાણીનાં સાંસાં છે. એક અભ્યાસ મુજબ ભવિષ્યની વસ્તીને ધ્યાનમાં લેતાં સરદાર સરોવર અને અન્ય સ્રોતમાંથી પાણી પૂરું પાડ્યા બાદ પણ પાણીની ખોટ વાર્ષિક 1,400 મિલિયન ક્યૂબિક મીટર રહેશે. (1 ક્યૂબિક મીટર = 1000 લિટર) ગુજરાત સરકારે આ પ્રશ્નના નિરાકરણ માટે વિવિધ ઉપાયો વિચાર્યા અને છેવટે કલ્પસર યોજનાની કલ્પના અસ્તિત્વમાં આવી.




ગુજરાત રાજ્યમાં અરબી સમુદ્રના ખંભાતના અખાતમાં સાબરમતી, મહીસાગર, ઢાઢર, નર્મદા જેવી કુલ 12 નદીઓનાં પાણી ઠલવાય છે. સમુદ્રનાં ખારા પાણીમાં ભળતું આ વિશાળ જથ્થાનું પાણી કોઈપણ પ્રકારના ઉપયોગમાં આવી શકતું નથી. આવા મીઠાં પાણીનો મહત્તમ ઉપયોગ કરવાનું સરકારના તજ્જ્ઞોએ વિચાર્યું. આ માટેની કલ્પસર યોજનામાં ભાવનગર નજીકના ઘોઘા અને ભરૂચ જિલ્લાના હાંસોટને એકંદરે 64 કિ.મી. લાંબા બંધ અને વાહનમાર્ગથી જોડવામાં

આવશે. આ બંધની અધવચ્ચેથી ઉત્તર-દક્ષિણ બીજો બંધ બાંધી સાબરમતીના મુખપ્રદેશથી નર્મદાના મુખપ્રદેશ સુધીનો અખાતનો પૂર્વ ભાગ મીઠા પાણીનું જળાશય બનશે, ત્યાં અગાઉ જણાવેલી 12 નદીઓના વધારાના મીઠાં પાણીનો સંગ્રહ થતો રહેશે. સાબરમતીના મુખપ્રદેશથી (ઉત્તરથી) ઘોઘા સુધીના અખાતના પશ્ચિમ ભાગમાં ખારા પાણીનું જળાશય બનશે. આ ઉપરાંત કલ્પસર નહેર બનાવવામાં આવશે જે અમદાવાદ જિલ્લાના બરવાળા પાસેથી શરૂ થઈને 660 કિ.મી. દૂર રાજકોટ જિલ્લાના માળીયા સુધી જશે, તેની વહન ક્ષમતા એક મધ્યમ નદીના પૂર પ્રવાહ જેટલી હશે અને હાલની નર્મદા યોજનાની સૌરાષ્ટ્ર શાખા નહેર કરતાં દોઢ ગણી! તે દર વર્ષે શેત્રુંજી બંધના પાણીના સંગ્રહ કરતાં અઢાર ગણાં જેટલું પાણી વહાવી સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, જામનગર અને રાજકોટ જિલ્લાના 10,54,500 હેક્ટર વિસ્તારમાં સિંચાઈ કરશે.

ઉપરાંત ઘર વપરાશ માટે પણ વિપુલ જથ્થામાં પાણી પૂરું પાડશે, જેના વડે આશરે દોઢ કરોડની વસ્તીને લાભ થશે.

હાલમાં ખંભાતના અખાતના તળિયાની ક્ષમતા જાણી લેવા તે વિસ્તારનો બેથીમેટ્રિક અભ્યાસ થઈ રહ્યો છે. આ સિવાય આ યોજના સાથે સંકળાયેલા વિવિધ પ્રકારના પ્રશ્નો ના અભ્યાસ ચાલી રહ્યા છે. આખી યોજના શરૂ થયા પછી પરિપૂર્ણ થતાં આશરે 15 થી 20 વર્ષનો સમય ગાળો લાગે.પરંતુ તેના તાત્કાલિક લાભ 5 - 6 વર્ષમાં મળી રહેશે.

જો કે કલ્પસર યોજના સંપૂર્ણ રીતે ગુજરાત રાજ્યની મર્યાદામાં હોઈ નર્મદા યોજનામાં ઉદ્ભવેલા તેવા આંતર-રાજ્ય વિવાદોનો સામનો કરવાનો પ્રસંગ આવશે નહિ. આ આખા પ્રકલ્પ (મહાપ્રકલ્પ)નું આયોજન ગુજરાત રાજ્યનું હોવા છતાં તેનો લાભ આખા ભારતને થશે. આ યોજનાનાં વિવિધ લાભદાયક પાસાં આ મુજબ છે :

- **ઘરવપરાશ માટે મીઠા પાણીનો પુરવઠો :** કલ્પસરનાં મીઠાં પાણીના જળાશયમાંથી 900 મિલિયન ક્યૂબિક મીટર પાણી દર વર્ષે મળશે.
- **મીઠા પાણીનાં સરોવરમાંથી સિંચાઈ માટે પાણી :** કલ્પસરનાં મીઠાં પાણીના જળાશયનો વિસ્તાર 2000 ચો.કિ.મી.નો હશે, જે સરદાર સરોવર કરતાં ત્રણ ગણી વધુ ગુંજાઈશ ધરાવતો હશે. લગભગ 10,54,500 હેક્ટર જમીનને સિંચાઈ અર્થે પાણી પૂરું પાડી શકાશે.
- **ઉદ્યોગ-ધંધા અર્થે પાણી પુરવઠો :** ઉત્તર ગુજરાત, પૂર્વ ગુજરાત અને કચ્છ જેવા પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસ માટે કલ્પસરમાંથી 500 મિલિયન ક્યૂબિક મીટર પ્રતિ વર્ષ પાણીનો જથ્થો ફાળવવામાં આવશે.
- **સમુદ્રનાં ભરતી ઓટની ઊર્જામાંથી વિદ્યુત ઉત્પાદન :** કલ્પસર યોજના





હેઠળ ખંભાતના અખાતમાં મોજાંઓની ઊર્જામાંથી વિદ્યુત ઉત્પાદન થઈ શકે તેમ છે. ગુજરાતની જરૂરિયાત ઉપરાંત પશ્ચિત ભારત પાવર-ગ્રિડને પણ વધારાની વિદ્યુત ફાળવવાની કલ્પસર યોજનામાં આયોજન છે.

- **નવસાધ્ય જમીન ઉપર કૃષિ-વનવિસ્તરણ આયોજન :** મીઠાં પાણીનાં સરોવરને કારણે દરિયાકાંઠાની ખારાપાટની જમીન નવસાધ્ય કરી તેમાં ખેતી, વસાહતો, ઉદ્યોગો, બાગાયત, ઉપવનો વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. એક અભ્યાસ મુજબ રાજકોટ અને ભાવનગર જેવાં 12 જેટલાં નવાં શહેરોનો વિકાસ આ નવસાધ્ય જમીન ઉપર થઈ શકશે.
- **વાહન-વ્યવહાર/રેલમાર્ગનું આયોજન:** 64 કિ.મી. લાંબા બંધની મથાળાની પહોળાઈ 35 મીટર હશે.તેમાં આવાગમન માટે બહુમાર્ગી રસ્તો તથા રેલ માર્ગનો સમાવેશ કરવામાં આવશે જેના કારણે ભાવનગરથી મુંબઈ સુધીનું અંતર 225 કિ.મી. ઘટશે.
- **જલમાર્ગ અને બંદરોનો વિકાસ :** કલ્પસર યોજના સાથે ખંભાતના અખાતનું નૈસર્ગિક પર્યાવરણ જળવાય તેવું આયોજન પણ આ યોજનામાં વિચારાયું છે.ધોલેરા, ઘોઘા, ભાવનગર બંદરોનો વિકાસ થશે અને તે કાયમી બંદરો બનશે. આ વિસ્તાર વિશાળ ખારાપાણીનું જળાશય બનશે. નિયંત્રિત લૉકપદ્ધતિથી ખુલ્લા સાગરનાં જહાજો આ બંદરોએ નાંગરી શકાશે.
- **મત્સ્ય અને મત્સ્યોદ્યોગનું આયોજન :** કલ્પસર વિસ્તારમાં ખારાં અને મીઠાં પાણીના મત્સ્યોદ્યોગ વિકાસથી વાર્ષિક આવક રૂ.685.22 મિલિયન થશે અને વિશાળ રોજગારીની તકો ઉભી થશે.

ઉપરોક્ત તમામ ફાયદાઓ ઉપરાંત બીજા અન્ય ઘણા લાભો આ યોજના સાથે સંકળાયેલા છે અને તે પણ કોઈપણ જમીન ડૂબાડ્યા વગર, કોઈપણ પુનઃવસવાટ વગર, પર્યાવરણ ઉપર કોઈપણ ખરાબ અસર વગર અને છેલ્લે કોઈપણ આંતરરાજ્ય મતભેદો વગર.

**( સંકલન : મલય દવે )**

---

**(પૃ.9 પરથી)**

પાણીની પિયત વ્યવસ્થા, નીંદામણ વ્યવસ્થા વગેરે ખેતી પદ્ધતિઓ અંગે સંશોધન કરવામાં આવે છે.

3. **પાક સંરક્ષણ :** મગફળીમાં આવતા વિવિધ રોગો અને તેના નિરાકરણ માટે સંશોધન કરવામાં આવે છે.

આ કેન્દ્ર દ્વારા હાથ ધરાતાં અન્ય સંશોધનોમાં-મગફળીના પાક માટે પ્રમાણિત બીજનું ઉત્પાદન કરવું, વિવિધ હવામાનો સામે ટકી રહેવાના ઉપાયો તથા ખેડૂતોને ખેતર ઉપર જઈ વિવિધ સંશોધનોનું નિદર્શન કરવાનું કાર્ય-મુખ્ય છે.

**સરનામું :** મધ્યસ્થ મગફળી સંશોધન સંસ્થાન, ઈવનગર રોડ, મેંદરડા બાયપાસ ઉપર, પો. બોઃ ૫, જૂનાગઢ - 362001

**ટેલિફોનઃ** (0285) 2673041; 2672461; 2672550

**વૅબસાઈટ :** www.nrcg.res.in **(સંકલન)**

# સંસ્થા અને સંશોધન



આ વિભાગ હેઠળ ભારતમાં કાર્યરત વિવિધ સંશોધન સંસ્થાઓની પ્રાથમિક માહિતી આપવામાં આવે છે, જેની શરૂઆત સળંગ અંક-10 (ગુજરાતની વિવિધ સંશોધન સંસ્થાઓ) થી કરી છે. અત્યાર સુધી ગુજરાતની પાંચ સંશોધન સંસ્થાઓની માહિતી આપણે મેળવી ચૂક્યાં છીએ. આ અંકમાં ભારત સરકારની ઈંન્ડિયન કાઉન્સીલ ઑફ ઍગ્રિકલ્ચર રિસર્ચ - ICAR સંસ્થા હેઠળ કાર્યરત 'મધ્યસ્થ મગફળી સંશોધન સંસ્થા' - જૂનાગઢની પ્રાથમિક માહિતી મેળવીશું.

**મધ્યસ્થ મગફળી સંશોધન સંસ્થા, જૂનાગઢ** (National Research Centre for Groundnut):

મગફળી અંગેનાં સંશોધનો સાથે સંબંધિત સંસ્થા. ભારતમાં ગુજરાત રાજ્યની ગણના તેલીબિયાં રાજ્ય તરીકે ઘણાં વર્ષોથી થાય છે. ગુજરાતના કુલ વાવેતર વિસ્તારમાંથી આશરે 32% વિસ્તારમાં તેલીબિયાંનું વાવેતર થાય છે. તેમાંથી લગભગ 90% વિસ્તારમાં એટલે કે લગભગ 22 લાખ હેક્ટરમાં મગફળીના પાકનું વાવેતર કરવામાં આવે છે. મોટા વિસ્તારમાં વવાતા આ અગત્યના પાક માટે જૂનાગઢ ખાતે તેલીબિયાં સંશોધન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.



**સંસ્થાનું નામ :** મધ્યસ્થ મગફળી સંશોધન સંસ્થા.(નૅશનલ રિસર્ચ સેન્ટર ફૉર ગ્રાઉન્ટનટ)

**સ્થાન :** જૂનાગઢ

**સ્થાપના :** 1-09-1979

**સંશોધન ક્ષેત્ર :** આ સંસ્થાનો મુખ્ય હેતુ તેલીબિયાં પાકોની વધુ ઉત્પાદન આપતી જાતો વિક્સાવાવનો અને તેની શસ્ય-(અનાજ) ઉત્પાદન તકનીક વિક્સાવવાનો છે. સ્થાપના બાદ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ સંશોધન યોજનાઓ દ્વારા આ સંસ્થાનું વિસ્તૃતીકરણ કરવામાં આવ્યું છે. હાલમાં આ કેન્દ્રમાં મગફળી ઉપર નીચે મુજબના સંશોધનો હાથ ધરવામાં આવી રહ્યાં છે:

1. **મગફળી પાક સંવર્ધન :** એક છોડ ઉપર વધુમાં વધુ મગફળી લઈ શકાય તે હેતુથી વિવિધ સંકરણ હાઈબ્રીડ જાતો વિક્સાવવામાં આવી રહી છે.

2. **મગફળી શસ્ય-વિજ્ઞાન :** મગફળી ઉગાડતાં વિવિધ જિલ્લાને અનુરૂપ વાવેતરનો સમય, વાવણીનું અંતર, બીજનો દર, ખાતરનું પ્રમાણ, યોગ્ય સમયે

**(અનુસંધાન પૃ.8)**





# ચાલો પ્રવાસે...!

## અફઘાનિસ્તાન

કવિવર રવીન્દ્રનાથ ટાગોરના પ્રખ્યાત નાટક 'કાબુલીવાલા'નું અમરપાત્ર કાબુલીવાલા સહુને યાદ હશે જ. તે લેખકની પુત્રી મીનુ માટે તેના થેલામાં અખરોટ, કાજુ, દ્રાક્ષ, બદામ જેવા જાતજાતનાં સૂકા મેવા લઈને દરરોજ આવતો અને મીનુને ખોબો ભરીને આપતો. એ રીતે પોતાના દેશમાં રહેતી એટલી જ ઉંમરની પુત્રીને યાદ કરી લેતો. આ કાબુલીવાલાનો દેશ એટલે અફઘાનિસ્તાન. કાબુલ તેનું પાટનગર છે.

અફઘાનિસ્તાન એટલે ક્યાંક ક્યાંક બરફ આચ્છાદિત વિશાળ પર્વતો, ધખધખતા રણ-પ્રદેશો, ફળદ્રુપ ખીણ પ્રદેશો અને ઢોળાવવાળા સપાટ વિશાળ મેદાનોનો પ્રદેશ. હિંદુકુશ પર્વત માળાઓ તરીકે તેમજ સુલેમાન માળા તરીકે જાણીતી પર્વતમાળાઓમાં પ્રખ્યાત ખૈબરઘાટ આવેલો છે. પ્રાચીન સમયમાં આ માર્ગેથી સિકંદરે આક્રમણ કર્યું હતું. ભારતમાં આક્રમણ કરવા માટે વિદેશીઓને આ માર્ગ ઘણો અનુકૂળ પડતો. વેપારીઓ પણ એ માર્ગેથી અવરજવર કરતા.



*બામિયાનની બુદ્ધપ્રતિમા*

પાકિસ્તાનના પેશાવરથી કાબુલ માર્ગ રળિયામણો છે. હરિયાળા પર્વતો, ખેતરો, ઝરણાંઓની સાથે સાથે દ્રાક્ષ, અખરોટ વગેરે ફળોની વાડીઓ માર્ગને આહ્લાદક બનાવે છે.

દક્ષિણ-પશ્ચિમ એશિયામાં આવેલો અફઘાનિસ્તાન, ઉત્તરમાં તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તજાકિસ્તાન દેશોથી (જુના સોવિયટ રશિયાનાં રાજ્યો), ઉત્તરપૂર્વ (ઈશાન)માં ચીનથી, પૂર્વમાં અને દક્ષિણમાં પાકિસ્તાનથી તથા પશ્ચિમમાં ઈરાન દેશથી ઘેરાયેલો છે. અફઘાનિસ્તાનને દરિયા કિનારો નથી.

વિશ્વનાં અલ્પવિક્સિત દેશોમાં અફઘાનિસ્તાન ગણાય છે. શૈક્ષણિક દષ્ટિએ તે ખૂબ જ પછાત દેશ છે.

ઈસ્વીસન પૂર્વે એક લાખ વર્ષ અગાઉ અફઘાનિસ્તાન પ્રદેશમાં વિચરતી જાતિઓ હતી. બદખશાનમાં દારા-ઈ-કુરની ગુફામાંથી માનવ વસવાટનો સૌ પ્રથમ પુરાવો મળ્યો છે, જે ત્રીસ હજાર વર્ષ અગાઉ ત્યાં મનુષ્યો વસતાં હોવાની સાબિતી આપે છે.

કાબુલની પશ્ચિમે આવેલું બામિયાન નામનું સ્થળ, ખડકમાંથી કોતરી કાઢવામાં આવેલી બે વિશાળકાય બુદ્ધપ્રતિમા-ઓને કારણે પ્રસિદ્ધ છે, તે પાંચ થી છ સદી જેટલી પ્રાચીન હોવાનું મનાય છે.




કમનસીબે કટ્ટરપંથીઓ દ્વારા થોડાં વર્ષો અગાઉ જ આ મૂર્તિઓનો નાશ કરવામાં આવ્યો છે.

પ્રાચીન કાળમાં કાબુલ શહેર પછીના બીજા નંબરના શહેર કંદહારની આજુબાજુનો પ્રદેશ ‘ગંધાર’ તરીકે ઓળખાતો હતો. મહાભારતના પ્રધાન પાત્રોમાંના ગાંધારી અને તેનો કુટિલભાઈ શકુનિ ગંધાર દેશનાં રાજકન્યા અને રાજપુત્ર હતાં. ઈસ્લામ ધર્મના આગમન અને પ્રસાર બાદ ‘ગંધાર’ નામ ભૂંસાઈ ગયું જણાય છે. ત્યાર પછી પ્રચારમાં આવેલું ‘કંદહાર’ નામ પ્રાચીન ગંધાર દેશ સાથેના સંબંધનું સૂચન કરે છે.

ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા આ દેશની પ્રાથમિક વિગતોથી આપણે માહિતગાર થઈએ :

**વિસ્તાર :** 6,52,090 ચો.કિ.મી.

**જમીન :** ત્રણ પ્રકારની ભૂપૃષ્ઠ રચના ધરાવતો પ્રદેશઃ ઉત્તરનો સપાટ પ્રદેશ; નૈર્ઋત્યનો રેગિસ્તાનનો ઉચ્ચ પ્રદેશ; મધ્યના વિશાળ પ્રદેશમાં ઊંચી પર્વતમાળા.

**સૌથી વધુ અંતર :** ઉત્તર-દક્ષિણ - 1,012 કિ.મી.પૂર્વ-પશ્ચિમ - 1,320 કિ.મી.

**મુખ્ય પર્વતમાળા :** દેશનો મધ્યભાગ પર્વતમાળાના વિસ્તાર રૂપે છે, જેમાં હિંદુકુશ પર્વતમાળાનો પણ સમાવેશ થાય છે તે આશરે 6500.8 મીટરથી વધુ ઊંચાઈ ધરાવે છે. બીજી પર્વતમાળા સુલેમાનમાળા માં ખૈબરઘાટ આવેલો છે.

**ઊંચાઈ :** સૌથી ઊંચું શિખર - નૌશાક 7,485 મીટર (24,557 ફૂટ) સૌથી નીચી સપાટી - સિસ્તાન બેસિન 500 મીટર (1,640 ફૂટ)

**મુખ્ય નદીઓ :** ઉત્તરે અમુદર્યા નદી, નૈર્ઋત્યમાં 600 કિ.મી.લાંબી હેલ્માન્દ નદી.

**હવામાન :** અફઘાનિસ્તાનના ત્રણ જમીન પ્રદેશોમાં જુદું જુદું હવામાન જણાય છે. ત્રણે પ્રદેશોમાં જાન્યુઆરીમાં અને જુલાઈમાં તાપમાન આ મુજબ જોવા મળે છે : ઉત્તરના મેદાન પ્રદેશોમાં $3^0$ અને $32^0$ સેન્ટિગ્રેડ; મધ્યના પર્વતીય પ્રદેશમાં બરફ-વર્ષા સાથે - $4^0$ અને $24^0$ સેન્ટિગ્રેડ જ્યારે નૈર્ઋત્યના રણપ્રદેશ વિસ્તારમાં $2^0$ અને $29^0$ સેન્ટિગ્રેડ તાપમાન જોવા મળે છે.

**વરસાદ :** ઉત્તરમાં સરેરાશ 180 મી.મી., મધ્યમાં સરેરાશ 800 મી.મી. અને નૈર્ઋત્યમાં સરેરાશ 75 મી.મી.

**જંગલ સંપત્તિ :** કાબુલ અને જલાલાબાદવચ્ચેની કાબુલ નદીના ખીણ પ્રદેશમાં વિવિધ જાતનાં વૃક્ષો ઊગે છે.





**સરકારી તંત્ર :** 1989માં સોવિયતે પોતાની હકૂમત પાછી ખેંચ્યા પછી, સામ્યવાદી સરકારને નીમવામાં આવી. 1992 માં મિશ્ર દળોએ આ સરકારને ફગાવી દીધી. ત્યારથી અફઘાનિસ્તાનની રાજકીય પરિસ્થિતિ સતત ડામાડોળ રહી છે. છેલ્લે કટ્ટરવાદી મુસ્લિમ દળોએ (તાલિબાન) અફઘાનિસ્તાન પર અંકુશ મેળવ્યો છે, જેને વિશ્વના મોટાભાગના દેશોએ માન્યતા આપી નથી.

**વહીવટી વિભાગો :** કેન્દ્રીય વ્યવસ્થા અસ્તિત્વમાં છે. 29 પ્રાંતોનો વહીવટ ગવર્નર સંભાળે છે.

**પાટનગર :** કાબુલ

**મુખ્ય શહેરો :** કંદહાર, મઝાર-એ-શરીફ, હેરાત.

**વસ્તી :** 31,056,997 (ત્રણ કરોડ દશ લાખ છપ્પન હજાર નવસો સત્તાણુ)

**વસ્તીની ગીચતા :** 1 ચો.કી.માં 47 વ્યક્તિઓ વસે છે.

**લોકો :** લગભગ 20 પ્રજાતિઓ જોવા મળે છે. તેમાં મુખ્યત્ત્વે 75% પખ્તુન અને તાજિક નો સમાવેશ થાય છે. પખ્તુનો પાકિસ્તાન સરહદ પાસે વિશેષ છે. જ્યારે તાજિક,મધ્ય અને ઈશાન પ્રદેશમાં વિશેષ જોવા મળે છે.

**ધર્મ :** 99% અફઘાનો મુસ્લિમ ધર્મ પાળે છે. 87% સુન્ની અને અન્ય શિયા મુસ્લિમો છે.

**ભાષા :** પશ્તુન અને દારી (તાદઝિક) રાષ્ટ્રીય ભાષાઓ છે. અન્યમાં ઉઝબેક અને હઝારાનો સમાવેશ થાય છે.

**શિક્ષણ :** સાક્ષરતાનું પ્રમાણ 25 ટકા છે. શિક્ષણ સંસ્થાઓ અને શિક્ષકોની અછત ઓછા સાક્ષરતા દરનું મુખ્ય કારણ છે. એક લાખ દીઠ લગભગ 10 વિદ્યાર્થીઓ જ સ્નાતક થાય છે.

**ચલણ :** અફઘાની. 1 ડૉલર(યુ.એસ.) = 50.30 અફઘાની

**અર્થતંત્ર :** કૃષિગત ઉત્પાદનો પર આધારિત અર્થતંત્ર. ખેતી અને પશુપાલન મુખ્યપ્રવૃત્તિઓ. કુદરતી વાયુ, સૂકો મેવો, જાજમ, ગાલીચાઓ, ફળો અને ચામડાની નિકાસ કરે છે.

**ખેતપેદાશ :** સિંચાઈ હેઠળનો વિસ્તાર ધીમે ધીમે વધી રહ્યો છે. મુખ્ય પાક ઘઉં, મકાઈ, જવ, ચોખા અને રૂ. ઉપરાંત કાજુ, ફળો, શાકભાજી.

**ઉત્પાદન :** સિમેન્ટ, ખાદ્યપદાર્થો, બુટ, કાપડ, કુદરતી વાયુ, કોલસો વિગેરે.

**વૅબ સાઈટ :** 1. http://en.wikipedia.org/wiki/Afghanistan 2. https://www.cia.gov/cia/publications/factbook/geos/af.html

**- મલય દવે.**



*અફઘાનિસ્તાન મ્યુઝિયમની એક પ્રતિમા*

# ખજાનો



## શબ્દનાં જોડકાં

શબ્દ જોડકાંનો હેતુ મોટે ભાગે શબ્દના અર્થની સચોટતા વધારવા માટેનો હોય છે. આવા શબ્દ જોડકાંમાં ઘણીવાર ગુજરાતી શબ્દ સાથે હિંદી, ઉર્દૂ, અરબી, મરાઠીનો તે જ અર્થનો શબ્દ મૂકી ભાર દર્શાવવામાં આવે છે. ગુજરાતી સાથે તે જ અર્થના હિંદી, અરબી, મરાઠી અગર ઉર્દૂ શબ્દ વાળાં જોડકાંનાં કેટલાંક દૃષ્ટાંત.

| | | |
|---|---|---|
| ભાઈબંધ દોસ્તાર | માનમર્તબો | માનઅકરામ |
| ચાડીચુગલી | ધનદોલત | વગવસીલો |
| માયામોહબત | દીવાબત્તી | જીવજાન |
| જડીબુટ્ટી | મારપીટ | લાજશરમ |
| તનબદન | ભાગ હિસ્સો | મહેણાંટોણાં |
| દુઃખદર્દ | જાણપિછાણ | દોરદમામ |
| નામનિશાન | બાલબચ્ચાં | જોરશોર |
| દમદાટી | દોરાધાગા | ભેટસોગાદ |
| ભારબોજ | વાંકગુનો | બળજોરી |
| રીતરિવાજ | જોરજુલમ | ખણખોદ |
| વીણીચુણીને | જાણીબુઝી | નાસભાગ |

## કહેવતો

### ગરીબ માણસની સ્થિતિ વિષેની કહેવતો

- અક્કર્મીનો પડિયો કાણો.
- દુકાળમાં અધિક માસ.
- દુઃખતી આંખે ઝોકો વાગે.
- નબળી વાડને છીંડાં ઘણાં.
- દૂબળાં ઢોરને બગાઈઓ ઘણી.
- દાઝ્યા ઉપર ડામ અને પડ્યા ઉપર પાટુ.
- દૂબળો જેઠ દિયરમાં લેખાય.
- નીચી બોરડી સહુ ખંખેરે.





# જીવનચરિત્ર



## મીરાં

*ગોવિંદો પ્રાણ અમારો રે,*
*મને જગ લાગ્યો ખારો રે;*
*મને મારો રામજી ભાવે રે,*
*બીજો મારી નજરે ન આવે.*

પ્રેમના ભક્તિમય સ્વરૂપ અને ભક્તિના પ્રેમમય સ્વરૂપની અત્યંત સરળ ભાષામાં ઝાંખી કરાવનાર જો કોઈ હોય તો તે મીરાં છે. પ્રભુ ભક્તિના કપરાં ચઢાણને બદલે પ્રભુ સુધી પહોંચવા માટે સરળ અને પ્રેમમય કેડી કંડારનાર તે મીરાં છે. મીરાંનો ગોવિંદ કે કૃષ્ણ ઐતિહાસિક કે પૌરાણિક કૃષ્ણ નથી, મહાભારત કે ભાગવતનો કૃષ્ણ નથી, મીરાં નો પરમેશ્વર કોઈ પંથમાં નથી, ગ્રંથમાં નથી; મીરાં નો પરમેશ્વર તો મીરાંના હૃદયમાં હતો. મીરાંનો કૃષ્ણ એ મીરાંનો કૃષ્ણ છે. મીરાંને સંસાર પ્રત્યે વૈરાગ્ય હતો એથી પરમેશ્વર પ્રત્યે અનુરાગ હતો તેવું નથી, પણ પરમેશ્વર પ્રત્યે અનુરાગ હતો એથી મીરાંને સંસાર પ્રત્યે વૈરાગ્ય હતો, અને એથી જ એણે પદ, પ્રતિષ્ઠા, ધન, સત્તા આદિ સર્વસ્વનો ત્યાગ કર્યો હતો; કુટુંબ, સમાજ, સ્વદેશનો ત્યાગ કર્યો હતો.

મીરાંમાં પ્રેમના અનુભવની તીવ્રતા છે. એથી એના પદોમાં ભાવ અને રસની ઉગ્રતા છે. અન્ય સંત કવિઓનાં પદોમાં રાધા અને કૃષ્ણ બે પ્રેમ પાત્રો હોય છે; લખનાર સંત કવિ પ્રેક્ષક-સાક્ષી હોય છે એટલે કે ત્રીજું પાત્ર હોય છે. મીરાંના પદોમાં કૃષ્ણ અને પોતે- એમ બે જ પ્રેમપાત્રો છે. એમાં ત્રીજું પાત્ર જ કોઈ છે જ નહિં.

મીરાંના જીવનચરિત્ર માટે કોઈ ઐતિહાસિક આધાર મળતો નથી. તેના જીવન વિશે લોકો દ્વારા કહેવાયેલી. માત્ર કેટલીક વાતો જ ઉપલબ્ધ છે. ફક્ત મીરાંનાં પદો જ આધાર તરીકે સુલભ છે.

મીરાંનો જન્મ ઈ.સ.1498માં રાજપુતા નાના રાઠોડ વંશના વૈષ્ણવધર્મી રાજકુટુંબમાં થયો હતો. માતા - પિતાનું તે એકનું એક સંતાન. મીરાંની પાંચ વર્ષની ઉંમરે માતાનું અવસાન થતાં અને પિતા યુધ્ધમાં સક્રિય રહેતા હોવાથી મેડતામાં દાદા દૂદાજીએ

મીરાંનું લાલનપાલન તથા રાજકુંવરીને યોગ્ય ઘડતર કર્યું હતું. 1515 માં દાદા દૂદાજીનું અવસાન થયું. તુરત જ 17-18 વર્ષની વયે મેવાડના સિસોદિયા વંશના શૈવધર્મી રાજકુટુંબમાં રાણા સંગ (સંગ્રામસિંહ) ના પુત્ર ભોજરાજ સાથે મીરાંનુ લગ્ન થયું. પરંતુ મીરાંની માત્ર ત્રેવીસ વર્ષની વયે 1521માં ભોજરાજનું અવસાન થતાં મીરાંને વૈધવ્ય પ્રાપ્ત થયું.

મીરાંનાં દાદા દૂદાજી પરમ વૈષ્ણવ હતા. એમના જ ભક્તિમય વાતાવરણમાં મીરાંનું બાલજીવન ઘડાવાથી એ કુમળી વયમાં કૃષ્ણભક્તિ તરફ પ્રેરાયાં હતાં. પહેલાંનાં દ્રઢ ભક્તિ-સંસ્કારોએ મીરાંના વૈધવ્ય જીવનને વધારે ભક્તિમય ને નિર્મળ બનાવ્યું હતું.

આ કાળે મુગલવંશનો સ્થાપક બાબર દિલ્હીની ગાદી ઉપર આવી ગયો હતો. ચિત્તોડની પડતી થઈ. મીરાનાં વડીલો રણસંગ્રામમાં ખપી ગયા. મીરાંનો દિયર રાણો વિક્રમાદિત્ય ગાદીપતિ થયો. મીરાંનું ભક્તિમય જીવન તથા સાધુસંતો સાથે તેનું નાચવું ગાવુ રાણાને પસંદ નહોતું. મીરાંને તે ખૂબ સતાવતો. એકવાર મીરાંને માટે એણે ઝેર મોકલ્યું. તે પણ મીરાં પી ગયાં એમ કહેવાય છે. આ જ રાણાને સંબોધનો કરી ઘણાં પદો મીરાંએ લખ્યાં છે. રાણા વિક્રમાદિત્યની પજવણીઓએ મીરાંને આખરે મેવાડનો ત્યાગ કરાવ્યો. પછી મીરાં કૃષ્ણની ભૂમિ વ્રજમાં- મથુરા- વૃન્દાવનમાં વસી હતી. આ સમયે આ પ્રદેશમાં મુઘલોનું આક્રમણ થતું હતું. એથી રાજકીય ત્રાસ ખૂબ હતો. મીરાંને માટે અહીં શાંતિપૂર્વક પ્રભુમય જીવન જીવવું અશક્ય હતું. એથી જ 1536માં ત્રણ જ વર્ષમાં મીરાં એ વૃંદાવન-ત્યાગ કર્યો હતો. મીરાંએ વ્રજ ભાષામાં કેટલાંક પદોનું આ સમયમાં સર્જન કર્યું હતું.

પછી મીરાં કૃષ્ણના જીવનકાળના ઉત્તમ ધામ દ્વારિકામાં આવીને વસી હતી. દ્વારિકા મેવાડથી દૂર હતું એથી અહીં નિરુપદ્રવી જીવન જીવવું શક્ય હતું. નરસિંહ મહેતાને કારણે સૌરાષ્ટ્રમાં ધાર્મિક-આધ્યાત્મિક વાતાવરણ હતું.

હવે આ બાજુ ચિત્તોડમાં નવા નવા ઉપદ્રવો થવા લાગ્યા. મીરાંની અનુપસ્થિતિને કારણે પ્રજાજનો અપ્રસન્ન હતાં. પ્રજામાંના ડાહ્યા માણસોએ રાણાજીના મન પર ઠસાવ્યું કે મીરાં જેવી સાધ્વીની તમે પજવણી કરી તેથી આપણા ઉપર આ દૈવી કોપ ઉતર્યો છે, તો એમને પાછાં તેડાવો. મેવાડના તત્કાલીન રાજા ઉદયસિંહે 1546માં કેટલાક બ્રાહ્મણો સાથે મીરાંને મેવાડ પાછાં પધારવાની વિનંતી કરી. મીરાંબાઈએ જવાની ના કહી. આ કારણથી લેવા ગયેલા બ્રાહ્મણો તો પ્રસન્ન થયા, કારણ કે મીરાં જો મેવાડ પાછાં આવે તો વર્ચસ્વ ચાલ્યું જાય. આમ છતાં રાજાને સારું દેખાડવા તેમજ પોતાની પ્રમાણિકતા સિદ્ધ કરવા મીરાંની સામે આમરણાંત ઉપવાસનો આરંભ કર્યો. બ્રહ્મહત્યાના આ ધર્મસંકટમાં મીરાંએ કૃષ્ણ અનુમતિ આપે તો પોતે મેવાડ પાછાં આવે એ પ્રસ્તાવ સાથે, પણ ખરેખર તો દિલમાં





દ્વારિકા ત્યાગના નિર્ણય સાથે મંદિરના ગર્ભદ્વારમાં પ્રવેશ કર્યો અને એકાંતમાં સંત તરીકેનાં પોતાનાં વસ્ત્રો કૃષ્ણની મૂર્તિ સમક્ષ અર્પણ કરીને, અજ્ઞાતવાસનાં વસ્ત્રો ધારણ કરીને ગર્ભદ્વારના પાછલા બારણેથી તેમણે દ્વારિકા ત્યાગ કર્યો એવો એક મત છે. જ્યારે એક લોકમત એવો પણ છે કે દ્વારિકામાં મીરાં કૃષ્ણ-મૂર્તિમાં ચમત્કારથી સમાઈ ગયાં હતાં. એણે પોતાનું વ્યક્તિત્વ અરે, નામ સુદ્ધાં મીટાવી દીધું હતું : મીરાંએ ગુજરાતી ભાષામાં કેટલાંક પદોનું આ સમયમાં સર્જન કર્યું હશે.

આમ મીરાંનો સમય ગાળો, ઈ.સ. 1498 થી આશરે 1563નો ગણવામાં આવે છે. જ્યારે આવા જ કૃષ્ણ ભક્ત નરસિંહ મહેતાનો સમય ગાળો પણ લગભગ આ જ ગણવામાં આવે છે. આ બંને સમર્થ સંત કવિઓએ કૃષ્ણભક્તિનાં ઉત્તમ પદો ગુજરાતને આપ્યાં છે. જે આજે પણ સમસ્ત જનસમુદાયમાં એવાં જ લોકપ્રિય છે. તેમજ આવાં સમર્થ પદોની ત્યારબાદ આવી રચનાઓ દાસી જીવણ સિવાય કોઈમાં જોવા મળતી નથી.

મીરાંએ ત્રણ ભાષાઓ - રાજસ્થાની, વ્રજ અને ગુજરાતીમાં એનાં પદો રચ્યાં છે.

મીરાંનાં આવાં કેટલાંક લોકપ્રિય પદો જોઈએ:

- મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઈ.
- પાયો જી મૈંને રામ રતન ધન પાયો.
- રામ રમકડું જડિયું.
- રામ રાખે તેમ રહિયે ઓધવજી, રામ રાખે તેમ રહિયે.
- બાઈ મૈંને ગોવિંદ લીનો મોલ.
- બોલ મા, બોલ મા, બોલ મા, રે રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા રે.
- કાનુડો ન જાણે મારી પીડ.
- લે ને તારી લાકડી.
- વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે.
- મ્હાંને ચાકર રાખો.
- નહિ રે વિસારું હરિ, અંતરમાંથી નહિ રે વિસારું હરિ.
- પ્રેમની, પ્રેમની, પ્રેમની, રે મને વાગી કટારી પ્રેમની.
- મુખડાની માયા લાગી રે મોહન પ્યારા.
- હે રી મેં તો દરદ દીવાની મેરો દરદ ન જાને કોઈ.

(સંકલન)


**તપનસ્મૃતિ ટ્રસ્ટને નીચે દર્શાવેલા દાતાશ્રી તરફથી સહાય મળેલ છે.**
**ટ્રસ્ટ એ સહુનો હૃદયપૂર્વક આભાર માને છે.**

| | | |
|---|---|---|
| 1. | સુશ્રી પૂજા મૃગેશભાઈ શુક્લ | અમદાવાદ. |
| 2. | શ્રી વિજયભાઈ અયાચિત | અમદાવાદ. |
| 3. | લલિતચંદ્ર વાસુદેવ ત્રિવેદી | જોરાવરનગર |

# ઝાકળબિંદુ

*વાળી ઝૂડીને સાફ કીધું જો ઘરને તો મહેકંતા બાગ સમું ખીલ્યું*
*સમજણથી એમ સ્હેજ ખંખેર્યું મનને તો ચમકંતા આભ સમું ઝીલ્યું.*

આ આપણો રોજ-બરોજનો અનુભવ છે. અસ્તવ્યસ્ત અને અવ્યવસ્થિત ઘરને જ્યારે વ્યવસ્થિત અને સ્વચ્છ કરીએ કે કરાવીએ ત્યારે એક ખૂણામાં ઊભા રહીને આખા ઓરડાની સ્વચ્છતાને આંખ ભરીને આપણે નિહાળતાં હોઈએ છીએ. પછી મનોમન હરખાઈએ છીએ આપણી મહેનત પર અને આપણી વ્યવસ્થા શક્તિ પર. આખું ઘર આપણને કોઈ મહેકતા બાગ જેવું ખીલ્યું ખીલ્યું લાગે, વ્હાલું લાગે.

આ આખા અનુભવને નજર સામે રાખીને એક અન્ય પ્રયોગ કરવા જેવો છેઃ

અઠવાડિયામાં એકાદવાર કોઈ શાંત જગ્યાએ બેસી, આંખો બંધ કરીને મનના ઓરડાને નિહાળીએ. ધ્યાન દઈને વિચારતાં ખ્યાલ આવશે કે કૂડા-કચરા જેવા કેટલાય વિચારોનાં જાળાં બાઝેલાં છે ત્યાં. 'અ' એ મારું અપમાન કર્યું કે 'બ' પોતાને બહુ બહાદુર સમજે છે, કે 'ક' ને કારણે મારે કેટલું સહન કરવું પડ્યું, કે 'ડ' પોતાને ડહાપણનો દરિયો સમજે છે...!!!

શું ફાયદો છે આવા વિચારોને સંઘરી રાખવાનો? કેટલી બધી જગ્યા રોકી રાખતા હોય છે આવા વિચારો...! વળી પડ્યા પડ્યા વિસ્તરતા જ રહેતા હોય છે જાળાંની માફક. આમજ, ધીરે ધીરે સાંકડો થતો જાય છે મનનો ઓરડો. પછી નવા, સારા વિચારોને અંદર રહેવાની જગ્યા ન મળવાથી બહારથી જ પાછા વળી જતા હોય છે.

થોડીક સમજણ કેળવી અને આવા એક-એક વિચારોના જાળાને ખંખેરી કાઢીશું તો ખરેખર અત્યંત હળવાશ લાગશે.

પછી આંખ બંધ કરીને સાક્ષીભાવે નિહાળીએ મનના ઓરડાને તો આકાશ જેવી વિશાળતા અને મોગરાના ખીલેલા બાગ જેવી તાજગી અનુભવાશે અને પછી થશે નવા ચમકતા તારલા જેવા વિચારોનું આગમન મન-આકાશમાં..!!

તો કરીએ શરૂઆત.....સફાઈ અભિયાનની..??!!

**- રેણુકા દવે**







## આકાશની ઓળખાણ (૨)

આપણે ગયા અંકમાં જાણ્યું કે નક્ષત્રો 27 છે અને 12 ભાગ પાડીને તેની રાશિઓ કરી છે. લગભગ સવાબે નક્ષત્રથી એક રાશિ બને છે.

સૂર્ય, ચંદ્ર, ગ્રહો વગેરે રાશિઓ આગળથી પસાર થાય છે. જ્યોતિષીઓ કહે છે તે બધા રાશિમાં થઈને જાય છે. નક્ષત્રો - રાશિઓ અને સૂર્ય, ચંદ્ર, ગ્રહો વચ્ચે માઈલોનું અંતર હોય છે. ચંદ્ર એક રાશિમાંથી સવા બે દિવસમાં પસાર થાય છે, જ્યારે સૂર્ય 1 માસ.

સૂર્યની આસપાસ પૃથ્વી વગેરે ગ્રહો ફરે છે તે તો તમે જાણો છો પણ સૂર્ય પોતે ફરે છે અને ક્યાં ફરે છે અને કોની આસપાસ ફરે છે તે તમે જાણો છો?

સૂર્યના આકાશી માર્ગને (ક્રાંતિવૃત્ત અથવા Ecliptic કહે છે.) ચંદ્ર જ્યારે જ્યારે આ માર્ગ ઉપર સૂર્યને ક્રોસ કરે છે ત્યારે ત્યારે ત્યાં ગ્રહણ થાય છે - સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીનાં મધ્યબિંદુઓ એક લાઈનમાં આવે તો જ.

તમે આકાશગંગા નામ તો જાણો છો. આકાશમાં અંધારી રાત્રે જો તમે જોશો તો એક સફેદ, અડધો પટ્ટો, લગભગ ઉત્તર-પૂર્વ અને દક્ષિણ-પશ્ચિમ પસાર થાય છે. તે દૂરના એટલા બધા તારાઓથી ભરપૂર છે કે આપણને ફક્ત તેનો ઉજાસ દેખાય છે! આ આપણી દૂધગંગા, કે Milky way નામની આકાશગંગા છે.

તો આ આકાશગંગા-Galaxy શું છે? અવકાશ, Space માં આવી તો ઘણી બધી આકાશગંગાઓ છે. દરિયામાં ટાપુઓ જેમ હોય છે તેમ આપણી આકાશગંગા અવકાશમાં એક ટાપુ છે! તે એક આખું બ્રહ્માંડ Universe હોય છે, તો અસંખ્ય બ્રહ્માંડો હોવાં જોઈએ! આપણી આકાશગંગા એક ગોળ સીડી જેવી છે. કરોડો તારાઓ આ ગોળ આકારની દૂધગંગાના વાયુ અને રજકણોથી બનેલા રાક્ષસી પટ્ટાઓ છે. તારાઓ તેના મધ્યભાગે જવા જોશબંધ ફરતા હોય છે. આવો એક રાક્ષસી પટ્ટો Orion Arm કહેવાય છે. ત્યાં સૂર્ય અને ગ્રહો વગેરે ગતિ કરે છે. સૂર્ય માળાને, દૂધગંગા ના મધ્યબિંદુએ ચક્કર મારતાં, 220 મિલિયન વર્ષો થશે.

હજી તો આપણે આપણી દૂધગંગા બ્રહ્માંડનો પાર પામી શક્યા નથી - તો બીજાં બ્રહ્માંડોની તો શી વાત કરવી! આ અટપટી રચના કેવી છે! મહર્ષિ અરવિંદે કહ્યું છે કે આ રચના કોઈ અસામાન્ય છે અને It is not the work of a mad man!

**'દિનકર'**

"તથાગત"માં કૃતિ મોકલવા માટે દર્શાવેલા વિભાગો પ્રમાણેના મૌલિક લેખો, માહિતી સંકલન, જોક્સ,પ્રેરણાત્મક લેખો, કાવ્ય કે બાળકો દ્વારા રચેલી કૃતિ આવકાર્ય છે.

# ગણિત ગમ્મત

- / % α β ν
= χ φ κ λ δ ζ
σ γ ψ θ ω ε ρ
ν ι

કોઈપણ બે આંકડાની રકમ લો.

તેને ઉલટાવીને જે રકમ આવે તેને પેલી મૂળ રકમમાં ઉમેરો.

જે સરવાળો થશે તેને 11 વડે નિઃશેષ ભાગી શકાશે.

દા.ત. 72 + 27 = 99 ને 11 વડે નિઃશેષ ભાગી શકાશે.

65 + 56 = 121 ને 11 વડે નિઃશેષ ભાગી શકાશે.

●●●

કોઈપણ બે આંકડાની રકમ લો અને તેને ઉલટાવીને જે રકમ આવે તેને મૂળ રકમમાંથી બાદ કરો હવે જે બાદબાકી આવશે તેને 9 વડે નિઃશેષ ભાગી શકાશે

જેમકે -

75 - 57 = 18 ને 9 વડે ભાગો.

62 - 26 = 36 ને 9 વડે ભાગો.

●●●

1 થી શરૂ કરીને કોઈપણ રકમ સુધીના અંકોનો ક્રમિક સરવાળો જાણવો હોય તો છેલ્લી રકમને તેનાથી અર્ધી રકમ વડે ગુણી ગુણકારમાં ફરી તેટલી રકમ ઉમેરવી.

દા.ત. 1 થી 12 સુધીનો સરવાળો ........ મેળવવા માટે

12 x 12/2 = 144/2 = 72/2 + 12/2 = 72 + 6 = 78

**પ્રકાશન માહિતી:** શિવમહિમ્ન - સ્તોત્ર (સમશ્લોકી અનુવાદ): શ્રી પુષ્પ દંત રચિત શિવ મહિમ્ન - સ્તોત્ર નો સમશ્લોકી અનુવાદ અમેરિકા સ્થિત શ્રી મહેન્દ્ર જાનીએ કર્યો છે. દરેક સંસ્કૃત શબ્દોના ગુજરાતી અર્થ ઉપરાંત દરેક શ્લોકનો ગુજરાતી માં વિસ્તૃત ભાવાર્થ પણ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. સંસ્કૃત નહિ જાણનાર વાચકને માટે ઘણું જ ઉપયોગી પુસ્તક.ક્રાઉન સાઈઝ, કાચું આકર્ષક પુંઠું, પૃ.104, કિં.રૂ.25/- (રવાનગી ખર્ચ અલગ).નકલ મેળવવા કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.





# પહેલું સુખ તે...

## શિયાળાની આહાર વ્યવસ્થા

ગયા વખતે આપણે ચોમાસાની આહાર વ્યવસ્થાનો વિચાર કર્યો હતો. આ વખતે શિયાળાની આહાર વ્યવસ્થા વિશે વિચારીશું.

શિયાળો, ઉનાળા અને ચોમાસાં કરતાં સાવ જુદો પડે છે. ઉનાળાની અસહ્ય ગરમી, પસીનો, ઠંડા પદાર્થો, ઠંડો પવન, પંખાનો પવન, ઍરકન્ડિશન વગેરે ને લીધે તંદુરસ્તી જળવાતી નથી.

ચોમાસાના વરસાદમાં ચારે બાજુ પાણીનો ભરાવો, ભેજ વગેરેથી ફેલાતી ગંદકી, મચ્છર, માખી વગેરે જંતુઓનો ઉપદ્રવ આ બધું અસહ્ય બને છે. જે કાંઈ ખાઓ તે વિચારીને ખાવું પડે, નહીં તો વિવિધ પ્રકારની માંદગીઓ શરૂ થઈ જાય છે.

પણ શિયાળામાં ઉપરની બધી મુશ્કેલીઓનો અભાવ હોય છે. આથી શરીરની તંદુરસ્તી -જરા કાળજી રાખો તો- આપોઆપ જળવાઈ રહે છે.

ઠંડીને કારણે કામ કરવાની વૃત્તિ વધે છે. પરિણામે જઠરાગ્નિ તેજ બને છે, જે ઉનાળા કે ચોમાસામાં મંદ પડી જાય છે, એટલે એને અનુરૂપ ખોરાક પણ લેવો જોઈએ. કેટલાક લોકો સમજ્યા વિના શિયાળામાં ખૂબ ખાવું - એવું વિચારીને વધુ પ્રમાણમાં ખાય છે. કોઈપણ બાબતનો અતિરેક નુકસાન કરે છે તે ભૂલવું નહીં.

કફ, પિત્ત અને વાયુ ધ્યાનમાં રાખીને આયુર્વેદ ઔષધ ઉપચાર કહે છે કે કોઈપણ એક તત્વમાં વધઘટ થાય તો વિવિધ માંદગી આવે. એટલે ત્રણેનું સમતોલપણું જળવાય તેવો ખોરાક લેવો જરૂરી છે.

કફનો અતિરેક હોય ત્યારે ખંજવાળ (કંડુ) આવે છે. કફથી શ્વાસોશ્વાસ ઉપર અસર થાય છે. ઉધરસ, દમ વગેરે તેનાં પરિણામો છે. કફ સાથે જો પિત્ત હોય તો ખંજવાળ આવે છે. ખાટા કડવા ઉબકા આવે છે. મોંમાં છાલાં પડી જાય છે. શરીર ગરમ રહે છે.શ્વાસ અદ્ધર રહે છે. પીળાશ કે રતાશ પડતો પેશાબ થાય છે અને બળતરા થાય છે. કફ અને પિત્ત ભેગાં થવાથી આવું બને છે.

જ્યારે વ્યક્તિ વધુ પ્રમાણમાં ખાટા, તીખા, તળેલા, ઘીવાળા, ગળ્યા પદાર્થો તથા વાસી પદાર્થો લે છે ત્યારે તેનો પચાવ પૂરી રીતે થતો નથી અને કફ, પિત્ત કે વાયુમાં પરિણમે છે.

'દિનકર'

### અજમાવી જૂઓ :

અરડૂસી શ્રેષ્ઠ કફનાશક છે. તેનો કડવો ને તૂરો રસ ઉત્તમ રીતે કફનો નાશ કરે છે. તે ચીકણો અને કાચા કફને ખોતરીને ઉખાડવાનું તથા જે તે અંગોમાંથી ચીકાશ દૂર કરી તેને સ્વચ્છ કરવાનું કામ કરે છે. આથી જ અરડૂસી કફના રોગોનું શ્રેષ્ઠ ઔષધ ગણાય છે.

અરડૂસીનાં પાંદડાંને સ્વચ્છ કરી ચટણીની જેમ વાટી બે તોલા રસ કાઢી એમાં અર્ધો તોલો ચોખ્ખું મધ મેળવી પીવાથી ઉધરસમાં ઉત્તમ કામ કરે છે. રક્તપિત્ત, જ્વર, ક્ષય અને કમળામાં પણ ઉપર મુજબ અરડૂસીના રસનું કરવામાં આવે તો અવશ્ય લાભ થાય છે.

# આચમન

- ઉર્દૂ, અરબી અને હિબ્રૂ આ ત્રણ વિશ્વની ભાષાઓ પૈકીની મુખ્ય ભાષાઓ છે જે જમણી બાજુથી ડાબી બાજુ લખાય છે.
- ભારતની પ્રથમવાર મુલાકાત લેનાર બ્રિટનના વડાપ્રધાન હેરલ્ડ મૅકમિલન હતા.
- હિરો પોતે સ્વયંપ્રકાશિત નથી. અંધારામાં તે ચમકતો નથી પરંતુ તેના ઉપર બહારથી પડતો પ્રકાશ પરિવર્તન પામતાં પ્રકાશિત દેખાય છે.
- મલયાલમ ફિલ્મોનો ઍક્ટર પ્રેમ નઝીર સૌથી વધુ ફિલ્મોમાં અગત્યનો રોલ ભજવનાર વિશ્વનો પ્રથમ ઍક્ટર છે. અગાઉ હોલીવુડનો ઍક્ટર જહૉન વેઈન આ બહુમાન ધરાવતો હતો.
- કાશ્મીરની જગપ્રસિદ્ધ શિકારા હોડીઓ સહુપ્રથમ બ્રિટીશ સામ્રાજ્ય દરમ્યાન એક અંગ્રેજ દ્વારા બનાવવામાં આવી હતી.
- યંત્ર માનવ માટે વપરાતો શબ્દ 'રોબોટ' ઝેકોસ્લોવેકિયાની ઝેક ભાષાના શબ્દ 'રોબોટા' એટલે કે 'ગુલામ-મજૂર' ઉપરથી લેવામાં આવ્યો છે.
- કોન્ટેક્ટ લૅન્સ બનાવવા માટે 'હેફીલ્કન' નામનું ખાસ પ્લાસ્ટીક વાપરવામાં આવે છે.
- 'ક્રેસકોગ્રાફ' એ ભારતના જગપ્રસિદ્ધ વનસ્પતિ શાસ્ત્રી ભૌતિકશાસ્ત્રી જગદીશ્ચંદ્ર બોઝ દ્વારા શોધાયેલા એક એવા મશીનનું નામ છે, જે વનસ્પતિમાંથી ઉદ્ભવતી સંવેદનાઓ અને લાગણીઓને માપે છે.
- દક્ષિણ-પશ્ચિમ એશિયાનો આર્મેનિયા દેશ એ વિશ્વનો પ્રથમ દેશ છે જેણે ઈસુની ચોથી સદીમાં ખ્રિસ્તી ધર્મને રાષ્ટ્રીય ધર્મ તરીકે સ્વીકાર્યો છે.
- મરઘીની આંખો માથાની બાજુમાં લાગેલી હોવાથી એક જ સમયે બંને આંખથી એક વસ્તુ જોઈ શકતી નથી. પહેલાં એક આંખથી આપણને જોશે અને ત્યારબાદ બીજી આંખથી જોઈ ચોક્સાઈ કરશે.
- ઑસ્ટ્રેલિયાના કિવી પક્ષીની ચાંચ એટલી સ્પર્શગ્રાહી, સેન્સિટીવ હોય છે કે ઊંડે જમીનની અંદરથી પણ તે ઈયળ વગેરે જીવજંતુને શોધી કાઢે છે.
- દક્ષિણ-પૂર્વ એશિયામાં અમુક અબાબીલ (કેવ સ્વીફ્ટ્સ) પક્ષીઓ પોતાની લાળમાંથી માળો બાંધે છે. ચીનાઓ તે માળાનો સૂપ બનાવીને પીએ છે.
- યુ.એસ.એ.માં આઠ જેટલાં નગરો 'રોમ' નામથી ઓળખાય છે.





# આપણી સૃષ્ટિ

## થોળ પક્ષી અભયારણ્ય



છેલ્લા કેટલાક સમયથી "આપણી સૃષ્ટિ" લેખમાળામાં ગુજરાતના અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનોની વિગતો આપણે જોઈ રહ્યા છીએ. વનરાજીમાં, જંગલોમાં, રણ પ્રદેશોમાં અને દરિયાઈ વિસ્તારોમાં બધે જ કુદરત જીવતી જાગતી જોવા મળી છે. પશુ, પક્ષી, જીવજંતુ વગેરે અનેક જીવો વિસ્તાર અને હવામાન મુજબ અનુકૂલન સાધી ગોઠવાઈ ગયાં છે. એક વાત ખૂબ મહત્ત્વની છે કે અભયારણ્ય હોય કે રાષ્ટ્રીય ઉદ્યાન-પાણી એ પ્રાથમિક જરૂરિયાત છે. જ્યાં પાણી હોય ત્યાં પર્યાવરણ આપમેળે જ ઊભું થઈ જાય છે.

ગુજરાતનું નળ સરોવર કુદરતી સર્જન છે અને તેટલું જ મહત્ત્વ ધરાવતું માનવસર્જીત સરોવર થોળનું તળાવ ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવેલું છે, જે સિંચાઈના હેતુ માટે બનાવવામાં આવેલું છે. આઝાદી પહેલાં મહારાજા ગાયકવાડના શાસન દરમ્યાન ખેતીવાડીને ઉત્તેજન આપવાના હેતુસર સને 1912 માં તે બનાવવામાં આવ્યું હતું. 5.6 કિ.મી.નો ઘેરાવો ધરાવતું આ તળાવ લગભગ 700 હેક્ટર વિસ્તાર ધરાવે છે અને ખેતીવાડી માટેનો નહેર વિસ્તાર 1450 હેક્ટર જેટલો છે. ચોમાસાના વરસાદથી આ તળાવ ભરાય છે અને શિયાળામાં તેમાંથી સિંચાઈ માટે પાણી ખેંચી ખેતી કરવામાં આવે છે. પરિણામે ઉનાળામાં આ સરોવર સૂકાઈ જાય છે. ચોમાસામાં વરસાદ ઓછો હોય તો શિયાળાના અંત સુધીમાં પાણી ખૂટી જવાની પરિસ્થિતિ સર્જાય છે.

નળસરોવરની માફક છીછરા પાણીનું સરોવર હોવાથી લગભગ નળસરોવર જેવા જ પરિસરનું અહીં નિર્માણ થયું છે. પાણી, કાદવ, કીચડ, આજુબાજુ પિયત વિસ્તાર હોવાથી વૃક્ષો, ખેતરો, ખેતરોની ફસલ વગેરે ભરપૂર પ્રમાણમાં હોવાથી એક સારા જલપ્લાવિત વિસ્તારનું નિર્માણ થયું છે ખેતીની ફસલ, ઢોર ઢાંખર અને લોક વસવાટ તેમજ છીછરું પાણી હોવાથી અહીં બંને પ્રકારના સ્થાનિક અને યાયાવર પક્ષીઓ આશ્રય લેતાં જોવા મળે છે.

'સારસ' તો ઊડી શકનારાં પક્ષીઓમાં મોટામાં મોટું પક્ષી છે. એટલું જ નહીં,

સુંદરતામાં પણ એ અજોડ છે. 6 થી 8 કિલો વજન ધરાવતું, દોઢ મીટર જેટલી ઊંચાઈ ધરાવતું આ ચકોર પક્ષી તળાવ, પિયતવાળી જમીન તથા ખેતીવાડી વાળા વિસ્તારોમાં જોવા મળે છે. રૂપેરી રંગ, લાંબી ડોક, લાંબા પગ ધરાવતું સારસ પક્ષી ખેતીવાડીમાં નુકસાન કરતું હોવા છતાં લોકોનું માનીતું પક્ષી છે. સારસનું સંવનન નૃત્ય અને એના બુલંદ અવાજને માણવા જેવાં છે. નર-માદાનું આ નૃત્ય આપણાં સઘળાં નૃત્યોને ઝાંખાં પાડી દે તેવું અદ્ભૂત હોય છે. (જુઓ કવર પેજ)

આવો સારસ પક્ષી અહીં મોટા પ્રમાણમાં જોવા મળે છે. ખેતીનો વિસ્તાર અને વનરાજીને કારણે પુરતો ખોરાક મળી રહેવાથી શિયાળામાં હજારો કુંજ પક્ષીઓ આ વિસ્તારમાં પડાવ નાખે છે. કુંજ અને ફલેમિંગો, ખલેલી, વિવિધ પેણ (પેલીકન) અને બતકો જોવા મળે છે. સીંગપર, મુરઘાબી, ઉલટી ચાંચ (એવોસેટ), કાળી અને ધોળી કાંકણસાર અને ઢોંકડા ખૂબ મોટા પ્રમાણમાં અહીં જોવા મળે છે. એટલું જ નહિ, ઘણાં જલજ પક્ષીઓ અહીં પ્રજનન કરે છે અને સફળતાપૂર્વક બચ્ચાંનો ઉછેર પણ કરી શકે છે. શિયાળા દરમ્યાન લગભગ 20,000 થી 25,000 જેટલાં પક્ષીઓનો અહીં મહામેળો ભરાય છે. આટલા વિશાળ પક્ષી સમુદાય માટે વિશાળ આશ્રયસ્થાન પણ જરૂરી હોય જ. અહીં થતાં દેશીબાવળ, ગાંડા બાવળ, લીમડી, બોરડી, પીલુડી, કેરડા અને ખેતરાઉ વનરાજી એમને પૂરતો આશ્રય પૂરો પાડે છે. જલજ પક્ષીઓ ઉપરાંત સ્થાનિક પક્ષીઓ પણ એટલા જ મોટા પ્રમાણમાં અહીં જોવા મળે છે. છેલ્લા કેટલાક સમયથી આસપાસના વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલું હોવાથી આશ્રયસ્થાન વધારે સઘન અને સુરક્ષિત બનવા પામ્યું છે.

એક ઉત્તમ અભ્યારણ્ય હોવા છતાં અહીંની કેટલીક સમસ્યાઓ પણ છે. ખાસ તો આ તળાવ સિંચાઈ માટે બનાવેલું હોવાથી તેનું પાણી શિયાળુ ખેતીમાં વપરાઈ જાય છે. પરિણામે ઉનાળો આવતાં આ તળાવ જલદીથી ખાલી થઈ જાય છે. આ વિસ્તારમાં ખનીજ તેલના કૂવા પણ આવેલા હોવાથી વિવિધ કારણોસર જેવાકે - ખનીજ તેલ કાઢવાની પ્રવૃત્તિ, ખનીજ તેલ જ્યાં ત્યાં ઢોળાવું, ખનીજ તેલ કાઢવાની મશીનરી, તેની અવરજવર, પાઈપલાઈન, પાઈપ લાઈનના લીકેજ - ફેલાતાં પ્રદુષણ અહીં આવતાં યાયાવર અને સ્થાનિક પક્ષીઓ પર વિપરીત અસર કરે છે. આ સરોવરનો વહીવટ વન વિભાગ અને સિંચાઈ વિભાગ કરતા હોવાથી અધિકાર, કામગીરી અને નિર્ણયો લેવામાં પણ પ્રશ્નો ઉભા થતા હશે.



અહીં માંસાહારી વસ્તી નથી. વળી રક્ષણનું સ્તર સારું છે. તેમ છતાં ગેરકાયદે ખેડાણથી થતાં દબાણના અને સિંચાઈ માટે પાણી વપરાતું હોવાથી સૂકાઈ જવાનો પ્રશ્ન કાયમી છે. આ તળાવ સિંચાઈ માટે બનાવેલું

**(અનુસંધાન પૃ.31 પર)**





# કાવ્ય

## એક વૃદ્ધાનું કૃષ્ણગીત



છીંકણીના એક એક સબડકે તને, સંભારું છું હું શ્યામ,
નામની તારા જ્યાં ચપટી ભરું કે જીવને થાય આરામ.
ચૌદ ભુવનના નાથ તને આવડી તે દાબડીમાં, પડતી હશે સંકડાશ.
કદમ્બની ફોરમ ક્યાંથી લાઉં ? અહીં ખોરડે તો, રાત'દિ તપખીરની વાસ.
ગોકુળ માનીને રહેજો વહાલા, મારું તો નર્યું છીંકોનું ગામ,
નામની તારા જ્યાં ચપટી ભરું કે, જીવને થાય આરામ.
કંઈ કેટલાંય વાંકાંચૂંકાં નામ તારાં, થોથવાતી જીભથી લેવાતાં નથી.
સૂક્કાં પાન જેવી થરથરતી કાયાથી ચરણ તારાં સેવાતાં નથી.
ખખડધજ છાતીના ડગમગતા શ્વાસ ક્યારે ભાળશે વૈકુંઠ ધામ.
નામની તારા જ્યાં ચપટી ભરું કે જીવને થાય આરામ.

**- કૌશિક પંચાલ**

### મન

જે ગમતું તે કદી મળે ના
જે મળતું તે કદી ગમે ના
જે પોતાનું કદી ન ભાવે
જે બીજાનું મન લલચાવે
જે મળતું તે ગમી જવાનું
જે પોતાનું એ જ મજાનું
કોઈ દિવસ તો એમ થવાનું
એ આશાએ જીવી જવાનું

- શિવાની

# બાળકોની કલમે

## 50 વર્ષ પછીનું જગત

જગત એટલી ઝડપથી દોડી રહ્યું છે કે 50 વર્ષ પછી તે કેવું હશે તેનું ભાવિ ભવિષ્યવેત્તા પણ ન ભાખી શકે.

50 વર્ષ પછી આખા જગતનું તંત્ર બદલાઈ જશે. જગતના બધા દેશો એક સમવાયતંત્ર રચશે. તેઓ જગતના પ્રમુખને તથા પાર્લામેન્ટને ચૂંટી કાઢશે. આખા જગતનું એક જ સૈન્ય રહેશે. અલગ-અલગ દેશો પાસે સૈન્ય નહિ રહે. આથી આ જગત પર યુદ્ધો નહિ રહે. બધા દેશો એકબીજા સાથે સહકાર કરશે.

50 વર્ષ પછી આપણું જગત બીજા ગ્રહો સાથે સંબંધ બાંધી લેશે. અહીંના માણસો મંગળ, શુક્ર વગેરે અનેક ગ્રહોની મુસાફરીએ જશે અને ત્યાંના માણસો અહીં મુસાફરીએ આવશે. એમની સંસ્કૃતિમાંથી આપણે ઘણું ઘણું શીખી લાવીશું અને તેને જીવનમાં ઉતારીશું. ઘરમાં જેમ બાળકો રહે અને કિલ્લોલ કરે તેમ આપણું જગત બીજા ગ્રહો પર કિલ્લોલ કરી રહેશે.

એ જમાનો અણુશક્તિનો હશે. યંત્રો, ફેક્ટરીઓ, આગગાડીઓ, મોટરો વગેરે અણુશક્તિથી ચાલશે. મુસાફરી માટે વિમાનો તથા હેલિકોપ્ટરનો વધુ ઉપયોગ થશે. અત્યારે સામાન્યમાં સામાન્ય જન પણ દુનિયાના બધા ભાગોની મુસાફરી કરી શકે છે. તે વખતે તેઓ ચંદ્ર અને મંગળની મુસાફરીએ પણ જશે. તે વખતે હવાઈ વાહનવ્યવહાર એટલો વધી જશે કે તેને અંકુશમાં રાખવા માટે ખાસ વ્યવસ્થા કરવી પડશે. તે જમાનામાં કોલસા તથા પેટ્રોલની જરૂર નહિ રહે.



આવતા 50 વર્ષ દરમિયાન અહીં અનેક અવનવાં યંત્ર શોધાશે. આપણાં ઘણા ખરાં કાર્યો યંત્રો કરશે. તે દરમિયાન યંત્રમાનવો તૈયાર થશે જે આપણા નોકરોની જેમ ઘર સાફ કરશે, કપડાં ધોશે, રસોઈ કરશે અને ખેતી પણ કરશે.

તે વખતે ખેતી રહેશે પણ અનાજની બહુ જરૂર નહિ રહે. જાતજાતના જીવનતત્વો તૈયાર કરવામાં આવશે અને તે ખાઈ આપણે પોષણ મેળવીશું. ખેતી બારેમાસ થશે અને ગમે તે ઋતુમાં ગમે તે પાક ઊગાડી શકાશે.

અનેક શોધખોળોને લીધે જગતની સમૃદ્ધિ વધી જશે. લોકોની તંદુરસ્તી સુધરશે.હૃદય બંધ પડી જવાથી અવસાન પામેલા માણસોને સજીવન કરી શકાશે. મોજશોખ માટે સમુદ્રની સપાટી પર તેમજ હવામાં મોટી મોટી હોટલો બંધાશે. તે વખતે સમાજનું આખું સ્વરૂપ બદલાઈ જશે. બેકારીનું ત્યારે નામોનિશાન નહિ રહે. ગામડાંનાં ઘરોનો વૈભવ પણ વધી જશે. સાહિત્ય, કલા વગેરેમાં નવાં નવાં પ્રસ્થાન થશે.

કેવું આ સોનેરી સ્વપ્ન!

**અંકિતા પી. રાઠોડ**

ધોરણ : 9, એમીટી સ્કૂલ, ભરુચ





# તપનસ્મૃતિ ચારિત્ર્યગઠન કેન્દ્ર

તપનસ્મૃતિ ચારિત્ર્યગઠન કેન્દ્રની સાતમી બેચનો સત્રાંત સમારોહ ગઈ તારીખ 8મી ઑક્ટોબર, 2006ના રોજ શારદામંદિર વિનય મંદિર - શ્રેયસ ક્રોસિંગ, પાલડી-ના પ્રાર્થના હોલમાં યોજાઈ ગયો.

આ નિમિત્તે બાળકોએ નાટક, ગરબો, સમૂહગીત, પ્રાર્થના, શ્લોક-પઠન, જોક્સ વગેરે ખૂબ જ સરસ રીતે સ્ટેજ પર રજૂ કર્યાં. કાર્યક્રમનું સંચાલન બે બાળ સંચાલકો : નૈસર્ગી રાઠોડ અને ઈશાન પાઠકે કર્યું.

તારીખ બીજી જુલાઈ, 2006ના રોજ શરૂ થયેલી આ બેચના બાળકોને સંસ્કાર સિંચન, બૌદ્ધિક વિકાસ તેમજ કલા પ્રત્યે રુચિ કેળવવાના હેતુ સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરાવી.

સંસ્કાર સિંચન અન્વયે 15 રવિવાર દરમિયાન પ્રાર્થના, શ્લોક-પઠન, ધ્યાન, સુવિચાર અને વિવિધ રમતો ઉપરાંત તહેવારોની ઉજવણીનું આયોજન કર્યું. ગણેશચતુર્થી નિમિત્તે બાળકોએ ગણપતિના ચિત્રનું સુંદર રીતે સુશોભન કર્યું. જન્માષ્ટમી નિમિત્તે "જો કૃષ્ણ અત્યારે હયાત હોત તો?" એ વિષય પર બાળકોએ પોતાના વિચારો રજૂ કર્યા તેમજ નવરાત્રિ નિમિત્તે પારંપરિક પહેરવેશમાં બાળકોએ ગરબાની રમઝટ બોલાવી અને આનંદ માણ્યો.

બૌદ્ધિક વિકાસ માટે વિવિધ ક્વિઝ, કાર્યક્રમો, નકશાદર્શન, ટૂંકાક્ષરી વગેરેની સમજ આપવા ઉપરાંત સૂક્ષ્મ જીવો, રોગ અને તેના કારણો, આરોગ્ય અને તેની જાળવણી વિશેની સમજણ બાળકોને આપવામાં આવી.

કલા અન્વયે કેલિગ્રાફિક ડિઝાઈન તેમજ અક્ષરોના મરોડ તથા સુઘડતા અંગે સમજ આપવામાં આવી. આ ઉપરાંત માટીના પોટ પર સુતળીના સુશોભનની વિવિધ રીતો તેઓને દર્શાવી. સંગીતમાં હળવા ગીત અને ગરબાનું ગાન કરાવી સંગીતનો આનંદ લેતાં તેઓ શીખે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો. ડમશેરાઝ દ્વારા ગુજરાતી કહેવતો, આપેલા વિષયો પરથી તત્કાલ લેખન તથા વાંચન, ભેટની રમત વગેરે બાળકોને કરાવવામાં આવ્યા.

છેલ્લા રવિવારે યોજાયેલા સત્રાંત સમારોહમાં દરેક બાળકને કેન્દ્ર તરફથી પ્રમાણપત્ર આપવામાં આવ્યું. કાર્યક્રમના અંતે શ્રી મલય દવેએ બાળકોને આશીર્વચનો આપતાં જણાવ્યું કે આ રવિવાર ભલે પૂરા થયા પરંતુ અહીંથી શીખેલી વાતોના આધારે સમજણ કેળવવાની બાળક માટે ખરેખર શરૂઆત થઈ રહી છે. બાળકોના ઘડતરના અમારા આ પ્રયાસને માતા-પિતાએ આગળ લઈ જવાનો છે. તેમણે બાળકોના ઉજ્જ્વળ ભાવિ માટે શુભેચ્છા પાઠવી હતી.

બાળકોમાંથી કુ. સ્નેહા શાહે કેન્દ્રની પ્રવૃત્તિ વિશે પ્રતિભાવ પત્ર વાંચ્યો હતો. તેણે જણાવ્યું કે, તપનસ્મૃતિ શબ્દમાં રહેલો 'તપ'

શબ્દ જ ચારિત્ર્ય ઘડતરના મૂળમાં રહેલો છે. કેન્દ્રના સંચાલકો બાળકોની જરૂરિયાત પારખીને કુમળા છોડની માફક જે રીતે બાળકોનું ઘડતર કરે છે તે ખરેખર ખૂબ મોટું તપ કરી રહ્યા છે.

**વાલીઓનો અભિપ્રાય :** 15 રવિવારની શિબિર બાળકોને શિક્ષણ આપ્યું તે બદલ અભિનંદન! આ અંગે મારું મંતવ્ય એ છે કે દર રવિવાર દીઠ રૂા.10/- ટોકન ફી લેવામાં આવે તો તે કોઈને પણ ભારે ન પડે.

**- આશા પટેલ**

કેન્દ્રના સંસ્થાપકો અને સંચાલકોને ખૂબ ખૂબ અભિનંદન! આપે અમારા પુત્રને નવી દિશા બતાવવા સાથે કલા પ્રત્યે તેની રુચિ કેળવી તે બદલ ખૂબ ખૂબ અભિનંદન!

**- જ્યોતિ સલોત, હરેશ સલોત**

*(કેન્દ્રની આગામી બેચ તથા શિબિરની તારીખો અંગેની જાહેરાત 'તથાગત'માં કરવામાં આવશે.)*



પ્રાર્થના



પ્રતિભાવ  કુ. સ્નેહા શાહ

<u>સત્રાંત સમારોહ</u>



નાટક



ગરબો





## સમાચાર સંચય :

- લેપટોપ બનાવતી વિશ્વની બે નામાંકિત કંપનીઓ ડેલ અને ઍપલે કુલ 60 લાખ લેપટોપ, બેટરી ગરમ થયા બાદ સળગી જવાના અમુક કિસ્સાઓ બનવાથી બજારમાંથી પાછા ખેંચી તેને બદલી આપ્યા છે. કંપનીઓના આ નિર્ણયની ગ્રાહકોએ પ્રશંસા કરી છે.
- સૂર્યમાળામાં હાલના 9 ગ્રહોમાંથી પ્લૂટોને ગ્રહ તરીકે નહીં ગણવામાં આવે અને હવે કુલ 8 ગ્રહો જ રહેશે. ઈન્ટરનેશનલ ઍસ્ટ્રોનામિકલ યુનિયને ગ્રહોની નક્કી કરેલી વ્યાખ્યા મુજબ સૂર્યની ફરતે ભ્રમણ કક્ષામાં ઘૂમતા અવકાશી પદાર્થને પોતાનું એટલું ગુરુત્વાકર્ષણ બળ હોવું જોઈએ જેથી તે આસપાસ ઘૂમતા નક્કર પદાર્થોને પોતાની તરફ ખેંચી શકે. આ વ્યાખ્યામાં પ્લૂટો ફીટ થતો નહીં હોવાથી હવે સૂર્યમાળામાં 8 ગ્રહો રહેશે.
- સર્વોચ્ચ અદાલતે એક મહત્ત્વના ચુકાદામાં જણાવ્યું છે કે સરકારને કર્મચારીનું પેન્શન અટકાવવાનો, કાપવાનો કે બંધ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. પેન્શન લેવાનો કર્મચારીનો મૌલિક અધિકાર નથી.
- મુંબઈની એક સામાજિક સંસ્થાએ મુંબઈ (મુલુંડ)ના 182 ભિક્ષુકોને નોકરી આપવાની ઓફર કરી હતી. પરંતુ આમાંના 98 ભિક્ષુકોએ નોકરી ફગાવી દીધી હતી. કારણ કે તેઓ ભીખમાં વધુ નાણાં કમાય છે.
- ગુજરાત યુનિવર્સિટીમાં આગામી વર્ષથી ધો.12 પછીનો પાંચ વર્ષનો એમ.એસ.સી. બાયોટેકનોલોજીનો કોર્સ શરૂ કરવામાં આવશે. કુલ સો બેઠક ધરાવતા આ કોર્સમાં 'બી' ગ્રુપ સાથે ધો. 12 ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવશે.
- ગુજરાત યુનિવર્સિટીએ ચાલુ વર્ષથી પી.જી. ડિપ્લોમા ઈન પોર્ટ મેનેજમેન્ટનો નવો અભ્યાસક્રમ ચાલુ કર્યો છે. બી. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ સંચાલિત ચાર સેમેસ્ટરના આ અભ્યાસક્રમમાં બી.કોમ.ના પાંચ તથા બી.એસ.સી. અને એન્જિનિયરિંગના 25 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.
- માર્ચ 31, 2006 ને અંતે ભારતનું કુલ વિદેશી દેવું 125.2 અબજ ડૉલર એટલે કે રૂ.5760 અબજનું થઈ ગયું છે. આ રીતે દરેક ભારતીયના માથે રૂ. 5236 નું વિદેશી દેવું છે.
- નાસાના વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે રણપ્રદેશમાંથી ઉડતી રેતીના રજકણો સૂર્યના વિકિરણોને ગ્રહણ કરીને વાતાવરણની હવાને ગરમ કરે છે અને

એશિયાના વરસાદી ચક્રમાં પરિવર્તન લાવે છે. આને કારણે જ તિબેટના પર્વતોમાં વધુ વરસાદ આવે છે.

- હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા થયેલા એક સર્વેક્ષણ મુજબ અમેરિકામાં વસતાં (ભારતીય સહિત)એશિયન લોકો 84.9 એટલે કે વિશ્વની સૌથી વધુ આયુષ્ય મર્યાદા ધરાવે છે.
- ભારતમાં મહિલાઓને 33 ટકા અનામત આપવાની ફક્ત વાતો જ થઈ રહી છે. જ્યારે પાકિસ્તાનની સંસદમાં 21.3 ટકા મહિલાઓ છે. આની સામે ભારતની સંસદમાં માત્ર 8.3 ટકા મહિલાઓ છે અને અમેરિકન સંસદમાં 15.2 ટકા મહિલા સાંસદો છે.
- અકસ્માત કે ઈજા દરમ્યાન હાથ ગુમાવી બેઠેલા લોકો માટે બાયોનિક કૃત્રિમ હાથ આશારૂપ બનશે. આમાં મગજ અને શરીર સાથે જોડાયેલો બાયોનિક હાથ સંકેતો વડે તમામ કાર્યો સહજતાથી કરે છે. તેની મદદથી સીડી ચડી શકાય છે કે ફૂલછોડની કાપકૂપ પણ કરી શકાય છે.
- ગણેશ-વિસર્જન દરમ્યાન મૂર્તિઓની સાથે નદીમાં પધરાવવામાં આવતાં હજારો નાળિયેરો ઝૂંપડાવાળા યુવાનો, બાળકો દ્વારા એલિસબ્રીજ નીચેથી એકત્ર કરી રેસ્ટોરન્ટ વાળાઓને સસ્તાભાવે વેચવામાં આવે છે, જેની ચટણી બનાવી વાપરવામાં આવે છે.
- કેરળ રાજ્ય એની 100 ટકા સાક્ષરતા માટે તો વિખ્યાત છે જ. પરંતુ કેરળમાં બે જિલ્લાઓ અનોખી સિદ્ધિ ધરાવે છે. પાલકડ અને મલ્લપુરમ્ જિલ્લાઓમાં રહેતા દરેક કુટુંબને બેંકમાં ખાતાં છે. આ બંને જિલ્લાઓના કુલ 11 લાખ કુટુંબોના બેંકોમાં 11 લાખ ખાતાં છે. રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા તરફથી બંને જિલ્લાઓનું બહુમાન કરી દેશના પ્રથમ બેંકિંગ જિલ્લા બનાવવામાં આવી રહ્યા છે.
- ગુજરાતમાં વર્ષ 2004 થી વર્ષ 2006 ના ગાળામાં જિલ્લા રોજગાર નોંધણી કચેરીઓમાં નોંધાયેલા 3 લાખ શિક્ષિત બેરોજગારોમાંથી ફક્ત 419 ઉમેદવારોને જ નોકરી મળી છે.
- કેન્દ્ર સરકારે - બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) ધારો 1986 હેઠળ- 14 વર્ષથી ઓછી વયનાં બાળકોને નોકરીએ રાખવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ અન્વયે બાળકો પાસે ઘરકામ સહિત ધાબા, હોટલ, રેસ્ટોરન્ટ કે કારખાનામાં કામ કરાવનારને સજા સ્વરૂપે રૂપિયા 40 હજાર દંડ અને બે વર્ષની કેદની સજા ભોગવવી પડશે.
- નવા વિસ્તારો ઉમેરાતાં અમદાવાદનો કુલ વિસ્તાર હવે 449.34 ચો.કિ.મી. થયો છે અને વસ્તી 44.28 લાખની થઈ છે.





## વાચકોના અભિપ્રાય



- 'તથાગત'ની આદત પડી ગઈ છે. તેની ગાગરમાં સાગર જેવી રજૂઆત હાથમાં લીધા પછી પહેલાથી છેલ્લા પાના સુધી વાંચી જવા પ્રેરે છે. આપની શૈલી ખૂબ જ પસંદ પડે છે. અભિનંદન!

**ખૂશ્બૂ શાહ, જ્યોત્સનાબેન શાહ, દીપ્તીબેન નાયક, જયેશભાઈ નાયક- અમદાવાદ-51**

- 'તથાગત'ની માહિતી અને તેનો ભૂલ વગરનો ભાષા પ્રવાહ હંમેશાં વાંચવા, આખું વાંચી જવાનો રસ જગાડે છે.

**- રેણુકા ઘીઆ, નીકિતા ઘીઆ. અમદાવાદ-15.**

- આપના દ્વૈમાસિકનો 14મો અંક મળ્યો. નાનકડો પણ માહિતીસભર! હું આખેઆખો વાંચી ગયો. તમારું કામ ખૂબ સારું છે. બાળકોના કામમાં ઉપયોગી થવું મને ગમશે. 'તથાગત'ના અક્ષરોની સાઈઝ થોડી નાની હોવી જોઈએ એમ મને લાગે છે.

**- ચિત્રકાર-નટુ પરીખ-અમદાવાદ-15.**

- 'તથાગત'નો અંક વાંચ્યો ન વાંચ્યો ત્યાં પડોશીઓ લઈ જાય છે. નવો અંક જલ્દી મળી જતો હોય તો સારું.

**- દિગંબર સ્વાદિયા-મુંબઈ.**

- 'તથાગત'માં આવતો 'ડાયરી'માં વિભાગ ખૂબ ગમે છે. તેની રસાત્મક શૈલી પકડી રાખે તેવી છે.

**- પૂજા શુક્લ.અમદાવાદ-7.**

- 'તથાગત' ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહેશે જ. તેના એક પછી એક અંકને જોતાં વિવિધ જ્ઞાનસભર સામગ્રી ઉમેરાતી જાય છે, જે વાચકને વધુ ને વધુ રસપ્રદ માહિતી આપવા તત્પર છે-તેનો પુરાવો છે. આનો શ્રેય તંત્રી-વ્યવસ્થાપક મંડળની પ્રતિભા, પ્રેરણા સહુને જાય છે. ટ્રસ્ટની સંસ્કાર પ્રવૃત્તિ હાલના પ્રવર્તમાન સમાજને નવી રાહ ચીંધી આપનાર પેઢીને પ્રેરણાનું ભાથું પૂરું પાડી નવચેતના પ્રસારી બાળકોને રસપ્રદ વાચન સામગ્રી પૂરું પાડી રહી છે. તે માટેના આપના પ્રયાસ પ્રાચીન ઋષિકુળના યજ્ઞ સમાન છે.

**- અનંતરાય મો. દવે.- વડોદરા.**

- 'તથાગત'નો ચૌદમો અંક વાંચ્યો. પહેલી જ વાર જોયો અને ખૂબ જ પ્રભાવિત કરી ગયો. ખાસ કરીને તેનું

વિષય વૈવિધ્ય ધરના દરેક સભ્યની વાંચનની ભૂખ સંતોષે તેવું છે.

**- લલિતચંદ્ર ત્રિવેદી, જોરાવરનગર.**

- આ વખતનો અંક લેખકોની દૃષ્ટિએ વૈવિધ્યસભર લાગ્યો. દોસ્તી કાવ્ય ખૂબ ગમ્યું. અભિનંદન.

**- રાજશ્રી પટેલ, અમદાવાદ.**

- 'તથાગત'ના માહિતીસભર લેખોને કારણે અમે જૂના બધા અંકો સાચવી રાખ્યા છે.

**- કામિની પટેલ, અમદાવાદ.**

સીસું અને કેડમીયમનું મિશ્રણ ધરાવતાં પીવીસી પ્લાસ્ટીકના રમકડાં બાળકોના સ્વસ્થ્ય માટે જોખમી હોવાનું એક સંસ્થા દ્વારા કરાયેલા સર્વેક્ષણમાં જણાયું છે. બજારમાંથી લીધેલા નમુનાઓમાંથી 30 ટકા નમુનાઓમાં પ્રમાણિત ધોરણ 200 પી.પી.એમ. કરતાં વધુ સીસાનું પ્રમાણ અને 20 ટકા રકમડાઓમાં 600 પીપીએમ કરતાં વધુ સીસાનું પ્રમાણ જણાયું છે.

**( પૃ.23 પરથી)**

છે. વળી, પાણીના હાલ બીજા વિકલ્પ નથી અને જે છે તે ઘણા મોંઘા છે. ઉપરાંત સ્થાનિક લોકો ઘણાં વર્ષોથી આ પાણીથી જ ખેતી કરતાં હોવાથી તેમને અટકાવી શકાય તેમ નથી. નર્મદા કેનાલ આવે અને પાણી આપી શકાય તો આ પ્રશ્ન કદાચ ઉકલી શકે. ગમે તે હોય, પરંતુ અમદાવાદથી ખૂબજ નજીક આવેલું અને એક પણ ટાપુ સિવાયનું આ સરોવર ખૂબજ રમણીય છે. ગુજરાતના ગૌરવ સમાં સારસ પક્ષીઓનો અહીં કાયમી વસવાટ છે. એટલું જ નહિ, વિવિધ જાતનાં પક્ષીઓ એક જ સ્થળે અને એક સાથે જોવાનો લહાવો અહીં મળી શકે છે. સાણંદથી 15 કિ.મી,અમદાવાદને આંગણે જ, 25 કિ.મી.જ દૂર આવેલું છે.

શિયાળો આવી ગયો છે. પક્ષીઓ આવવા માંડ્યાં છે એટલે મિત્રો સાથે બસમાં, સ્કૂટર/બાઈક પર કે સાયકલો લઈને નીકળી શકાય એવું આ રમણીય સ્થળ છે. રોડ રસ્તે જઈએ તો અમદાવાદ શહેર વિસ્તારથી થોળ પહોંચીએ ત્યાં સુધી ક્રમશઃ કેટલા અને કેવા ફેરફારો થાય છે તેનો પણ અભ્યાસ કરવા જેવો તો ખરો જ... એકવાર મુલાકાત જરૂર લઈએ...

**- ડૉ. આઈ. સી. ગોસ્વામી**





# પ્રેરક વાંચન



## આશા

વિન્સ્ટન ચર્ચિલે જ્યારે એના દેશવાસીઓને એમ કહ્યું કે તમને આપવા મારી પાસે ફક્ત લોહી, પરસેવો અને આંસુ જ છે ત્યારે એ એવું વચન આપી રહ્યા હતા કે જો દેશબંધુઓ એમને આ આપે તો એ મુક્ત વિશ્વની આશા સેવી શકે. આપણે આશા રાખીએ છીએ, કારણ કે તે વિના આપણી સામે જે કાંઈ વિકલ્પ હોય છે તે વધુ ડરામણો લાગે છે. નિરાશા આપણને ક્યાંય ન પહોંચાડે. હકીકતમાં નિરાશા આપણને ઉદાસીનતામાં ધકેલે છે અને ક્યારેક તે આત્મવિનાશમાં પરિણમે છે. જ્યારે આશા ધીરેધીરે પણ સફળતા તરફ દોરે છે. મધ્યકાલીન યુગમાં ઇંગ્લેન્ડમાં બનેલી એક વાત છે. એક માણસ હરણચોર હતો. એક વાર એ ચોરી કરતાં પકડાઈ ગયો. રાજાના બગીચામાંથી હરણ ચોરવા માટે એને સૌથી કડક સજા કરવામાં આવી. ચોરે રાજા આગળ દયાની યાચના કરી. રાજા એડવર્ડ પહેલા સામે જ્યારે એને ઊભો કરવામાં આવ્યો ત્યારે રાજાએ એને પૂછ્યું. 'તેં જ્યારે ચોરી કરી જ છે તો હું તને શા માટે માફ કરું?'

ચોરે પોતાની ભૂલ તો કબૂલ કરી, પરંતુ એવું સૂચન કર્યું કે જો એની સજા મુલતવી રાખવામાં આવે તો એ રાજાના ઘોડાઓને બોલતાં શીખવશે.

રાજાને જિજ્ઞાસા થઈ અને ચોરને છોડી મૂકી તેને રાજ્યના ઘોડારની જવાબદારી સોંપી.

નગરના શેરીફ જે આ સંવાદ સાંભળી રહ્યા હતા એમણે ચોરને બાજુ પર બોલાવી પૂછ્યું કે એમણે જે સાંભળ્યું છે તે શું સાચું છે કે તું ઘોડાને બોલતાં શીખવવાનો છે! 'કમાલની આશા છે!' શરીફે આશ્ચર્ય વ્યક્ત કર્યું અને આ ચમત્કાર કરતાં તને કેટલો સમય લાગશે?'

'એક વર્ષ સાહેબ.'

'એક વર્ષ?'

'હા સાહેબ, એક વર્ષમાં કદાચ રાજા મૃત્યુ પામે કે હું મૃત્યુ પામું કે કદાચ ઘોડા બોલતા થાય.'

આપણને એવા લોકોની જરૂર છે જે માને કે ઘોડા પણ બોલી શકે.

(**"ઊંચે, હજી ઊંચે... એમ.વી. કામથ અનુવાદઃ કાલિન્દી રાંદેરી"**માંથી સાભાર)

## જરા હસી લઈએ.....

- હીનાએ તેના પપ્પા મુકેશભાઈને શુભ સમાચાર આપતા કહ્યું : ‘પપ્પા, મેં મયંક સાથે મારૂં વેવિશાળ કરી લીધું છે.’

  પિતાએ પ્રશ્ન કર્યો : ‘એની પાસે કંઈ પૈસા છે?’

  હીનાએ કહ્યું : ‘તમે પુરુષો એ બાબતમાં બધા જ સરખા છો. મયંકે પણ મને તમારા વિશે એ જ પૂછેલું.’

- સરલાએ અમીને કહ્યું : ‘તારા પતિ કહેતા હતા કે તેઓ ઘરમાં ધારે તે કરી શકે છે.’

  અમીએ જવાબ આપ્યો : ‘સાચી વાત છે. પણ એમણે શું ધારવું તે હું નક્કી કરું છું.’

- અપરિણીત કોને કહેવાય?

  પૈસાનું પાકીટ ખોલતી વખતે જેને આજુબાજુ જોવું નથી પડતું તેને.

- જેઠાલાલનો દીકરો ટપુ એની ઉંમરના પ્રમાણમાં વધારે ચાલાક હતો. એક દિવસ એ એની સ્કૂલ લાયબ્રેરીમાંથી ‘બાળઉછેર’ નામનું પુસ્તક લઈ આવ્યો. એ જોઈને એની મમ્મીએ પૂછ્યું : ‘ટપુ શું તું આ પુસ્તક વાંચીશ?’

  ટપુએ જવાબ આપ્યો : ‘હા, વાંચીને હું એ જાણવા માંગું છું કે મારો ઉછેર બરોબર કરો છો કે નહીં!’

- મીના : ‘અરે શાલુ, તું કેટલી બદલાઇ ગઇ છે! મેં તો તને ઓળખી જ નહીં.’ શાલુ : ‘મેં ય તને નહોતી ઓળખી, પણ આ સાડીને લીધે ઓળખાઇ ગઇ.’

- ગાડી ઉપડવાની તૈયારી હતી. પરંતુ એક મુસાફરને ચાની ખૂબ જ તલપ લાગી હતી. આથી એણે ગાર્ડ પાસે જઇને પૂછ્યું : ‘સાહેબ, હું ચા પીને આવું ત્યાં સુધી ગાડી થોભશે ખરી?’ ગાર્ડે કહ્યું : ‘જરૂર થોભશે, આરામથી ચા પીને આવો.’ પેલા મુસાફરે પૂછ્યું : ‘ પણ એની ખાતરી શી ?’ ગાર્ડે જવાબ આપ્યો : ‘ખાતરી એ જ કે આપ મને પણ સાથે લઇ જાઓ.’



- મિતેશ : આજે કઈ તારીખ છે?

  અરવિંદ : મને ખબર નથી.

  મિતેશ : પણ તારા હાથમાં છાપું તો છે ને?

  અરવિંદ : તે તો ગઈકાલનું છે?

Tathagat Bi Monthly Year : 3 Issue : 3 Nov. - December : 2006
R.N.I.No. GUJGUJ/2004/16667 Posted at PSO Ahmedabad on 11-11-2006

## તપનસ્મૃતિ ટ્રસ્ટ

॥ ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्थाः ॥

(રજી.નં.ઈ./16523/અમદાવાદ તા. 8-1-2004)

(ટ્રસ્ટને આપેલ દાન કલમ 80-G હેઠળ કર રાહતને પાત્ર છે.)

તપનસ્મૃતિ ટ્રસ્ટ એ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ-1950 હેઠળ નોંધાયેલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ છે. આ ટ્રસ્ટ દ્વારા બાળકોના વિકાસ માટે મુખ્ય બે પ્રવૃત્તિઓ કરવામાં આવે છેઃ (1) તપનસ્મૃતિ ચારિત્ર્યગઠન કેન્દ્રનુંસંચાલન (2) પુસ્તકાલય દ્વારા વાચનનો વિકાસ. અન્ય પ્રવૃત્તિમાં તથાગત દ્વૈમાસિકનું પ્રકાશન.

તપનસ્મૃતિ ચારિત્ર્યગઠન કેન્દ્રમાં 10 થી 15 વર્ષની વયનાં બાળકોને પ્રવેશ આપી વેકેશનમાં 15 દિવસની શિબિર દ્વારા તેમજ અન્ય સમયે 15 રવિવાર સુધી સંસ્કાર ઘડતર, બૌદ્ધિક વિકાસ તથા તેઓની કલા પ્રત્યે રુચિ કેળવાય તેવી પ્રવૃત્તિ કરાવવામાં આવે છે, જેમાં ખાસ કરીને પ્રાર્થના, ધ્યાન, નિષ્ણાતો અને વૈજ્ઞાનિકો સાથે મુલાકાત, પ્રોજેક્ટ, ક્વીઝ, નકશા દર્શન, શૈક્ષણિક સ્થળોની મુલાકાત, સંગીત, ક્રાફ્ટ, લેખન તેમજ સ્ટેજ કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બાળકોને વાંચન માટે સતત પ્રોત્સાહિત કરવા તે માટે શિષ્ટ વાંચન પૂરું પાડતું એક પુસ્તકાલય પણ કેન્દ્રમાં છે.આ કેન્દ્રમાં કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી.

**BOOK PACKET**
**CONTAINING**
**PERIODICAL**

To

________________________
________________________
________________________
________________________
________________________

**તપનસ્મૃતિ ટ્રસ્ટ**
“તપનસ્મૃતિ”
જે-201, કનક કલા-2,
શ્યામલ ચાર રસ્તા,
મા આનંદમયી માર્ગ, સેટેલાઈટ,
અમદાવાદ-380051.

Printed & Published by Malay Dinubhai Dave, Managing Trustee,Tapansmruti Trust; on behalf of Tapansmruti Trust; Printed at Surya Offset, Ambali Gam, Satellite-Bopal Road,Ahmedabad-380058 & Published fromTapansmruti Trust, J-201, Kanak Kala-II, 100 feet Road, Satellite, Ahmedabad-380051.Editor:Mrs. Renuka Malaybhai Dave